# સહજ-સત્સંગ

Year : 2 Issue : 19 Dt. 1-8-2014 Page - 52 માસિક

## તૃષાર્ત - આત્મા





## મા મીરાંબિકા

With good will and faith
nothing is impossible.
- The Mother

## યશસ્વી થવાનો મંત્ર

શુભ ભાવના ને દૃઢ વિશ્વાસ રાખો,
તો આ જગતમાં કાંઈ અશક્ય નથી. કારણ.....

(પ્રથમ મહાલક્ષ્મીને લાવતી, બીજી મહાકાલીને પ્રગટાવતી)

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

### પરમ - શબ્દનું એક વરિષ્ટ દર્શન

(તા.૦૮.૧૧.૧૯૧૪ - પૃ.૧૯૭)



**તારા પ્રકાશનું વિપુલતા માટે તારું આવાહન કરીએ છીએ. હે પ્રભો, તારો આવિર્ભાવ કરવાની શક્તિ અમારામાં જાગૃત કર.**

**સ્વરૂપની અંદર બધું મૂક છે. રણની ગુફામાં હોય તેવું..... એ શાંતિમાં હૃદયમાં એક જ્યોત જલે છે. તુંમય સમગ્ર રીતે જીવવાની..... તેને કોઈ આંધી કંપાવી શકે તેમ નથી. એ ચઢે છે, ઊંચેને ઊંચે..... એક દિવસ પેલા બંધ ઘુમ્મટ પાસે..... આપણા મિલનના છેલ્લા અંતરાય પાસે પહોંચી જાય છે..... પેલો અંતરાય એકાએક જ ગળી પડે છે..... અને તારા દર્શન થાય છે..... પેલો સ્પર્શ થતાં વેંત જ્યોત તેજનો સ્તંભ બની જાય છે અને સદાને માટે પેલા અંધકારને ભગાડી મૂકે છે અને પરમશબ્દ એકાએક દર્શન દે છે..... એક વરિષ્ટ દર્શન!**

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પરમ - શબ્દનું એક વરિષ્ટ દર્શન) | ૩ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ |
| **દિવ્યજીવન** (બ્રહ્મ અને જગત) | ૯ |
| **માતૃવાણી** (તમારા સાચા સંકલ્પને ઓળખવાની રીતો) | ૧૧ |
| **સાવિત્રી** (પ્રકૃતિનો ગુલામ) | ૧૪ |
| **યોગ વિષે પત્રો** (મનોમય અને ચૈત્યપુરુષનો તફાવત) | ૧૭ |
| **ઉપનિષદો** ((૨) કેનોપનિષદ) | ૨૧ |
| **વેદ-રહસ્ય** (સવિતૃ - ભગ ) | ૨૩ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (જીવનમાંનો સંઘર્ષ) | ૨૫ |
| **યોગ પર દીપ્તિઓ** (ચૈત્યપુરુષઃ ત્રિવિધ સમર્પણની ચાવી ) | ૩૦ |
| **સાંજના વાર્તાલાપો** (દેવોના સ્વરૂપો) | ૩૩ |
| **વેદવિજ્ઞાન** (મરુત્‌ગણ (વાયુ) | ૩૫ |
| **ધ મધર્સ એજન્ડા** (વિરાટમાં જાગરણ) | ૩૯ |
| **યોગનાં મૂળતત્ત્વો** (રૂપાંતર) | ૪૧ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (જ્ઞાનનો વિસ્તાર (૭૦-૭૧)) | ૪૪ |
| **જાતક કથાઓ** (બોધપાઠ) | ૪૭ |
| **પ્રાસંગિક** (પ્રભુની પળ) | ૪૮ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૧૯ વર્ષ : ૨
ઓગસ્ટ - ૨૦૧૪

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા** મો. ૯૮૨૪૩૭૩૯૨૯
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર** - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# પરમ - શબ્દનું એક વરિષ્ટ દર્શન

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી પેલા અસીમ પ્રકાશમય નીરવ ચેતનાને ફરી પ્રગટ થવાનું આવાહન કરી રહ્યાં છે. માતાજીને પ્રભુનો આવિર્ભાવ જીવનમાં થાય તેવી ક્ષમતા જોઈએ છે. માતાજીની અભીપ્સામાં સમગ્ર સ્વરૂપ જોડાય છે. સમગ્રસ્વરૂપ શાંત આંતરિક એકાગ્રતામાં સ્થિર છે. જાણે રણમાંની એકાકી ગુફા.

માતાજીને હ્રદયમાં એક પ્રભુની હાજરીની જ્યોત જલતી દેખાય છે. સાથે સાથે પ્રભુ સાથે તન્મય, એકરૂપ થઈ જવાની તમન્ના સાથેની અભીપ્સા પણ અનુભવાય છે. તે અભીપ્સાની, જ્યોત નિર્વાત પ્રદેશની જ્યોતની જેમ સ્થિર છે. તેને કોઈ આંધી કંપાવી શકે તેમ નથી. તે જ્યોત ધીમેધીમે મસ્તકમાં ચડે છે પણ જાણે મસ્તકના ઘુમ્મટમાંથી આગળ જવાનો માર્ગ તેને નથી દેખાતો. માતાજીને ખાતરી થાય છે કે આ વસ્તુ જ તેમની અને પ્રભુ વચ્ચેની અંતિમ દિવાલ છે. આ છે અહંકારની દિવાલ. તેણે જ તે પ્રકાશને વ્યક્તિ-ચેતનામાં પૂરી રાખેલો છે. અચાનક તે અંતરાય પોતાની મેળે તૂટી જાય છે અને તે અભીપ્સાની જ્યોત વ્યક્તિ-ચેતનામાંથી વિશ્વ-ચેતનામાં પ્રવેશે છે. ત્યાં તેને અસીમ પ્રકાશમય ચેતનાનો સાક્ષાત્કાર થાય છે. વ્યક્તિ ચેતનાની જ્યોત સમર્પણની ભાવનાના આવેગપૂર્ણ ઘસારાને લીધે તે વૈશ્વિક-ચેતનાની જ્યોત સાથે તેજનો ઊંચો સ્તંભ થઈને જોડાઈ જાય છે અને તે સ્તંભ દ્વારા પરમ-તેજ, અસીમ તેજ માતાજીના પોતાના સ્વરૂપમાં ઊતરી આવે છે. માતાજીને તે અસીમ તેજ સાથે સંપર્ક સાધવાની, તેની સાથે એકરૂપ થવાની પ્રક્રિયાની જાણકારી મળે છે આ એક શ્રેષ્ઠ દર્શન તરીકે માતાજીને અનુભવાય છે અને તેમને જે સમજણ મળી છે તે પરમનો શબ્દ તરીકે જણાય છે. તેમને પ્રભુનાં મૂળ સંકલ્પની જાણ થાય છે શ્રી માતાજી તેને 'પરમ-શબ્દ' કહે છે. પ્રભુને અનંત રૂપે ભૌતિક સ્તરે પ્રગટ થવાની ઈચ્છા છે. શ્રી માતાજીને પોતાનું જીવન ધ્યેય સ્પષ્ટ જણાય છે.

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

(ગતાંકથી ચાલુ)

આ ઉપરાંત શ્રી અરવિન્દે કાવ્યો, નાટકો, વાર્તાઓ વગેરે સાહિત્યનું પણ ઘણું સર્જન કર્યું છે. ખાસ કરીને કવિતાના ક્ષેત્રમાં તો તેમણે ટૂંકી કવિતાઓ, ઊર્મિ કાવ્યો, સોનેટસ, દીર્ઘકાવ્યો વગેરે અનેક પ્રકારોની કવિતાઓ સર્જી છે. શ્રી અરવિન્દની કવિતા વિષે શ્રી સુંદરમ્ કહે છે કે ''શ્રી અરવિન્દની કવિતા એ તેમના વિરાટ વ્યક્તિત્વનું વિરાટ સ્વરૂપ છે. તેમની ઘણી કવિતાઓ અનુભૂતિના દ્વાર ખોલી આપે છે, ચૈતન્યના મહત્તમ માર્ગ સુધી લઈ જાય છે'' તેમણે પ્રેમ, શૌર્ય અને વીર રસથી ભરેલાં નાટકો અને વાર્તાઓ પણ લખ્યાં છે.

પછી આવે છે, આધ્યાત્મિક સાહિત્યનું સર્જન. આ સર્જનમાં તો આ યુગમાં શ્રી અરવિન્દ અદ્વિતીય છે. મહામુનિ વેદવ્યાસની જેમ એમણે આ ક્ષેત્રમાં ઊંચામાં ઊંચી ભૂમિકાનું જ્ઞાન પીરસ્યું છે. વેદ, ઉપનિષદ, ગીતા, યોગ અને દિવ્યજીવન ઉપર તેમણે અમૂલ્ય ગ્રંથો આપ્યા છે. આ ગ્રંથો તો સમગ્ર વિશ્વનો દિવ્ય જ્ઞાનભંડાર છે. ગીતા ઉપરનું શ્રી અરવિન્દનું ભાષ્ય અજોડ છે. ''ગીતા નિબંધોમાં ગીતાની જે સમજૂતી આપી છે, તેવી હજુ સુધી કોઈએ આપી નથી.'' તેમણે પોતે પણ લખ્યું છે કે, ''ગીતામાં લગભગ બધી જ આધ્યાત્મિક સમસ્યાઓનું ટૂંકમાં છતાં વિશદ નિરુપણ છે. મેં ગીતા નિબંધોમાં આ બધી જ સમસ્યાઓની ચર્ચા કરી છે.''

'લાઈફ ડિવાઈન' - દિવ્યજીવન એ શ્રી અરવિન્દના અનુભવજન્ય જ્ઞાન અને દર્શનની સીધી અભિવ્યક્તિ કરતો મહાગ્રંથ છે. આ દળદાર ગ્રંથમાં શ્રી અરવિન્દ પોતાના નૂતન - દર્શનની સમજૂતી આપી છે. તેમણે આધ્યાત્મિક વિકાસક્રમના

સિદ્ધાંતનું નિરુપણ કર્યું છે. ભાવિમાં અતિમનસ ચેતનાને ધારણ કરતાં દિવ્ય મનુષ્યો - અતિમાનવ સર્જાશે અને પૃથ્વી ઉપર દિવ્યજીવન રચાશે, એની સમગ્ર પ્રક્રિયા તેમણે સમજાવી છે.

આ ઉપરાંત દિવ્યજીવન માટેની આચારસંહિતા રજૂ કરતો એમનો પૂર્ણયોગ શું છે, તે કઈ રીતે પ્રચલિત યોગમાર્ગોથી જુદો છે, એ બધાંની સમજૂતી અને પૂર્ણયોગની પદ્ધતિ તેમણે યોગમાર્ગોનો સમન્વય - એ બે ભાગના દળદાર ગ્રંથોમાં સમજાવી છે. એટલું જ નહિ પણ આ યોગ અંગે માર્ગદર્શન આપતા એમના પત્રોનો સંચય યોગ પરના પત્રોના બીજા બે દળદાર ગ્રંથોમાં આપવામાં આવેલો છે. શ્રી અરવિન્દના યોગ અંગે માનવમનમાં ઊઠતા તમામ પ્રશ્નોનું એમાં નિરાકરણ મળી જાય છે. શ્રી અરવિન્દ ભલે સાધના અંગેનું પ્રત્યક્ષ માર્ગદર્શન નહોતા આપતા, લોકોને મળતા નહોતા, પણ સાધના અંગે પૂછેલા દરેક પ્રશ્નોના તેઓ જાતે લખીને ઉત્તર આપતા હતા. એમના એ ઉત્તરોનો સંચય પ્રકાશિત થયેલો છે. નીરોબદરન પરના એમના પત્રો પણ બે ભાગમાં પ્રકાશિત થયા છે. એ પત્રોમાં તો શ્રી અરવિન્દની રમૂજ વૃત્તિ, શિષ્યને માર્ગદર્શન આપવાની વિશિષ્ટ શક્તિનું દર્શન થાય છે.

શ્રી અરવિન્દે ભારતીય સંસ્કૃતિ અને દર્શન ઉપર પણ ઊંડું ચિંતન કર્યું હતું. ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતાઓનું એમને સ્પષ્ટ દર્શન હતું અને એટલે જ જ્યારે સર જ્હોન વુડ્રાફે જ્યારે ભારતીય સંસ્કૃતિ ઉપર હલકી ટીકાઓ કરી અને તેને હીન બતાવવા પ્રયત્ન કર્યો, ત્યારે તેને પ્રત્યુત્તર આપવા અને તેની આગળ ભારતીય સંસ્કૃતિના મૂળભૂત સત્ય અને તત્ત્વને તેમ જ તેની ઉદાત્તતા, ભવ્યતા અને ગરિમાને વ્યક્ત કરવા શ્રી અરવિન્દે '' ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયન કલ્ચર'' - ''ભારતીય સંસ્કૃતિના પાયા'' એ પુસ્તક લખ્યું. ભારતીય સંસ્કૃતિના મૂળભૂત તત્ત્વો, ધર્મ, આધ્યાત્મિકતા, કળા, સાહિત્ય અને રાજનીતિ બધાં જ પાસાંઓનું નિરુપણ તેમણે આ ગ્રંથમાં કર્યું છે.

શ્રી અરવિન્દે સંસ્કૃતિના ચિંતનની સાથે સમાજનું પણ ચિંતન કર્યું છે. માનવ

સમાજનો ઉત્તમ વિકાસ કેવી રીતે થશે, એની વિશદ રજૂઆત તેમણે હ્યુમન સાયકલ - માનવ વિકાસ ચક્ર નામના પુસ્તકમાં કરી છે. ભાવિ માનવજાતિનું સ્વરૂપ કેવું હશે ? અને એ સ્વરૂપ કેવી રીતે અસ્તિત્વમાં આવશે, એનું સ્પષ્ટ દર્શન શ્રી અરવિન્દ પાસે હતું. ભવિષ્યની માનવજાતિ એકતાના આદર્શથી જોડાયેલી હોવાથી ભાવિ વિશ્વમાં રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચેના ઝઘડા અને યુદ્ધો નહીં હોય ! શ્રી અરવિન્દે ''માનવ એકતાનો આદર્શ'' એ પુસ્તકમાં માનવજાતિના ભાવિ ચિત્રને રજૂ કર્યું છે.

ભારતના ઋષિઓએ વેદોની ઋચાઓનું સર્જન કર્યું. પરમાત્માના જ્ઞાનનું, એ દિવ્યતત્ત્વની અનુભૂતિ કરીને એ દર્શનની તેમણે પ્રતીકાત્મક રૂપો આપી મંત્રો દ્વારા નિગૂઢ રીતે રજૂ કર્યું ! વેદોના આ મંત્રોની પાછળનું ગૂઢ રહસ્ય શ્રી અરવિન્દે પોતાની સાધના દ્વારા જાણ્યું અને તેમણે વેદમંત્રોના રહસ્યને પ્રગટ કર્યું. એ રહસ્ય ' સીક્રેટ ઓફ વેદાસ' - વેદરહસ્ય નામના ગ્રંથમાં તેમણે રજૂ કર્યું છે. એ દ્વારા વેદોના પ્રતીકો, તેના મંત્રો, મંત્રોની પાછળની શક્તિઓ, દેવતાઓ એ બધાંનો સાક્ષાત્કાર કરીને, જે જ્ઞાન પ્રાપ્ત કર્યું એ તેમણે આ ગ્રંથમાં રજૂ કર્યું છે. (ક્રમશઃ)

---

(અનુ.પૃ.૨૪ ઉપરથી))

## વેદ-રહસ્ય

મૂકનાર (સર્વધાતમ્) જીવનનાં લક્ષ્યને પહોંચાડનાર (તુરં) તે સવિતૃ નારાયણને અમે શ્રદ્ધાથી સ્વીકારીએ છીએ. (વૃણીમહે)

૨. ન મિનન્તિ સ્વરાજ્યમ્ (૨) દિવ્યાનંદના ભોગથી ચેતનાની સાચી સ્થિતિ (સ્વરાજ્યમ્)માં ન્યૂનતા આવતી નથી. (ન મિનન્તિ)

૩ તં ભાગં ચિત્રમીમહે (૩) અમે તે ઉપભોગોની (તં ભાગં) વિવિધ સમૃદ્ધિને શોધીએ છીએ. (ચિત્રમીમહે)

દિવ્યાનંદ ફક્ત મન, પ્રાણ કે શરીરને જ આનંદ આપતો નથી, તે આપણાંમાંના ઊર્ધ્વ તત્ત્વોને પણ સંતોષે છે. તે બધાં જ આનંદોને શોધી કાઢે છે.

૪ વિશ્વદેવં સત્પતિં વૃણીમહે (૭) અમે સમગ્ર વિશ્વના મૂળ પ્રકાશસ્વરૂપ (વિશ્વદેવં) અને અસ્તિત્વ માત્રના સંચાલક (સત્પતિં)ને જ શ્રદ્ધાથી સ્વીકારીએ છીએ. (વૃણીમહે)

# દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

# બ્રહ્મ અને જગત

પ્રકરણ - ૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણે આ જગતમાં જીવીએ છીએ. અનંત વસ્તુઓને જોઈએ છીએ સ્પર્શીએ છીએ, ભોગવીએ છીએ. આપણે પોતે એક ભૌતિક શરીરમાં કેન્દ્રિત થઈને આ સુખોપભોગ અનુભવી રહ્યાં છીએ. આ નથી ભ્રમ કે નથી આપણી કલ્પના પણ તે એક વાસ્તવિક નક્કરતા છે.

આ સમગ્ર જગતમાં બહાર સતત વસ્તુ માત્ર નિર્માણ થતી, જર્જરીત થતી અને નાશ પામતી લાગે છે. આપણાં બાહ્ય જગતની જેવી જ સ્થિતિ આપણાં આંતર જીવનમાં પણ છે. અંદર પણ આપણને ભાવનાઓ, વિચારો, સંવેદનાઓ આવિર્ભાવ પામતી અને વિલીન થતી લાગે છે. આપણું બાહ્યજગત અને આંતરજગત બંને પરિવર્તનશીલ છે. સતત બદલાતું અને ગતિશીલ લાગે છે અને તેથી જ શાસ્ત્રો તેને 'જગત' અને 'સંસાર' શબ્દોથી વર્ણવે છે. જગત એટલે જે ગતિશીલ છે તે અને સંસાર એટલે જે સતત સરી પડતું રહે છે બદલાતું રહે છે તે 'સંસરતિ ઈતિ સંસારઃ'

થોડું મન શાંત કરીને સાધક જો બાહ્ય જગત અને આંતરજગત તરફ ધ્યાન આપશે તો આ બંને જગતોના આ સ્વરૂપનો તેને પૂરતો ખ્યાલ આવી જશે.

આવા આંતરબાહ્ય પરિવર્તનશીલ જગતમાં આપણે રહીએ છીએ. ગૌતમ બુદ્ધે જ્યારે આવા સતત પરિવર્તન પામતા વિશ્વનો અનુભવ કર્યો તો તરત તેમના મુખમાંથી ઉદ્ગાર સરી પડયાં 'સર્વમ્ અનિત્યમ્ અનિત્યમ્' જાણે કોઈ વસ્તુનું સ્વરૂપ કાયમી સ્વરૂપે ટકતું જ નથી. ગીતામાં શ્રીકૃષ્ણે આ સંસારને પીપળાના વૃક્ષની ઉપમા આપી છે. તેને 'અશ્વત્થ' કહ્યો છે. અશ્વત્થનો અર્થ છે જે ક્ષણ માત્ર પણ યથાવત્ રહેતું નથી તે 'ન શ્વઃ તિષ્ઠતિ ઈતિ અશ્વત્થઃ'

આજનું વિજ્ઞાન પણ એ જ કહે છે. અણુઓ એટલી શીઘ્ર ગતિથી ફરી રહ્યાં છે તેથી વસ્તુ તો વસ્તુનાં આકારનું તીવ્રવેગે ઘુમરિયા ખાતું અનેક અણુઓનું એક વમળ માત્ર છે. પાણીના બિન્દુઓની નિશ્ચિત ગતિને કારણે જેમ વમળનો આકાર દેખાય છે તેમ વસ્તુ માત્રનો આકાર આ રીતે જ નિર્માણ થયેલો છે.

તેથી જગતમાંની વસ્તુઓ ધીમેધીમે કાલાંતરે બદલાય છે એ સત્ય નથી. તે તો ઇન્દ્રિયોને થયેલો ભ્રમ માત્ર છે. વસ્તુ તો હર ક્ષણે બદલાય છે. તે તો નિત્ય નવીન સ્વરૂપે સર્જાતી હોય છે. આ જગતને નિત્ય સમજવું એ જેવો સાધકનો એક ભ્રમ છે તેમ બીજો પણ એક ભ્રમ તે નૈસર્ગિક રીતે સેવતો હોય છે. તે ભ્રમ એવો છે કે તે પોતે જગતના કેન્દ્રસ્થાને છે અને આ જગત તેના સુખ અને ભોગ માટે જ સર્જાયેલું છે. તે દરેક વસ્તુને પોતાને કેન્દ્રમાં રાખીને જ મૂલવે છે. પોતાને તેથી ફાયદો છે કે નહિં, તેનો પોતાને કોઈ ઉપયોગ છે કે નહિ, તેનો જ વિચાર કરીને દરેક વસ્તુ અને વ્યક્તિને મૂલવે છે. આ પોતાને કેન્દ્રમાં રાખીને મૂલવવાની પદ્ધતિ એ પણ એક ભ્રમ અને ખોટી પદ્ધતિ છે. જગતનો પોતે એક અંશ છે. પણ તે અંશ કેન્દ્રવર્તિ અંશ નથી. સમસ્ત બ્રહ્માંડની દૃષ્ટિએ વ્યક્તિ તો એક નગણ્ય અને ક્ષુદ્ર અંશ બની જતો હોય છે.

ઉપરના બંને ભ્રમો જગત સ્થાયિ છે અને પોતે તેના કેન્દ્રનો મહત્ત્વનો ભાગ છે. - આ બંને ભ્રમોને ત્યાગીને જ્યારે સાધક આંતરબાહ્ય જગત તરફ જુએ છે ત્યારે એવું લાગે છે કે કોઈ મહાન અને અનંત હસ્તી જાણે વિવિધરૂપો ધારણ કરીને અખંડ વહી રહી છે. એક સતત વહેતા અને બદલાતા સ્વરૂપે તે અનામી અસ્તિત્વ જાણે અખંડ પ્રવાહ તરીકે વહી રહ્યું છે. આવા સમગ્ર અસ્તિત્વને શાસ્ત્રો 'પ્રકૃતિ' કહે છે. પ્ર એટલે ખૂબ જ વેગથી - 'પ્રકર્ષણ' અને કૃતિ એટલે કાર્ય, વેગથી વિવિધ પરિણામો સર્જતી હસ્તી એટલે જ પ્રકૃતિ. (ક્રમશઃ)

**Sponsorship**

**This issue is sponsored by Smita and Lalitbhai Mistry from New Jersey, U.S.A.**

# માતૃવાણી

અવતરણો

## તમારા સાચા સંકલ્પને ઓળખવાની રીતો

(માતૃવાણી - ૪, પૃ.૧૩૦-૧૩૩)
(૧૫ ફેબ્રુ. ૧૯૫૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ જે સ્વરૂપ હોવાનો એ દેખાવ કરતું હોય તે સ્વરૂપ, તે હકીકતમાં ન હોય; તો એ સૂક્ષ્મદર્શન ખોટું કહેવાય? (બાળક) પૃ.૧૩૦

૨ તમે તમારું સમર્પણ જડ પથ્થરની જેમ ન કરો..... તમારી સંકલ્પ - શક્તિને 'પ્રભુની તપઃશક્તિ'ના હાથમાં સોંપી દો. પૃ.૧૩૧

૩ લોકો એમ માનતા હોય છે કે બહારથી એમની પાસે જે કાંઈ આવે છે તે બધું જ પ્રભુનો 'સંકલ્પ' છે. પૃ.૧૩૨

૪ પોતે ધારેલું કર્મ કરવું અને પછી એને અર્પણ કરી દેવું (એટલે સમર્પણ) પૃ.૧૩૨

૫ કોઈ જાતનો સંકલ્પ ન કરવો (એટલે સમર્પણ) પૃ.૧૩૨

૬ જ્યારે વસ્તુઓ તમારા સંકલ્પથી વિરુદ્ધની બને છે, ત્યારે તમે કહો છો કે પ્રભુની ઈચ્છા એમ હશે. પૃ.૧૩

૭ તમારો સંકલ્પ સફળ ન થવામાં અમુક સંજોગો કારણભૂત હોય અને છતાં એ સાચી રીતનો સંકલ્પ હોય. પૃ.૧૩૩

૮ કઈ રીતે ખાતરી કરવી કે આપણો સંકલ્પ સાચો હતો કે નહિ?..... જો તમે તટસ્થ, સ્થિર, શાંતિપૂર્ણ અને ઓછા અહંકારવાળા બની શકશો, તો તમને એ વસ્તુ સમજાઈ જશે કે કોઈ અગમ્ય કારણોસર તમારા સંકલ્પનું ખંડન

**થએલું છે..... જો તમે તમારી દૃષ્ટિને જરા વધુ ઊંચાઈવાળી તેમ જ વિશાળ કરશો તો તમે તરત જ જોઈ શકશો કે શું પરિણામ આવત..... એ આંશિક-સત્ય હતું, વૈશ્વિક- સત્ય નહોતું. પૃ.૧૩૩**

❖

બાળક : કોઈ સત્ત્વ કોઇ અન્ય વ્યક્તિનું સ્વરૂપ લઈ સૂક્ષ્મદર્શનમાં પ્રગટ થતું હોય તો શું એ સૂક્ષ્મદર્શન ખોટું ન કહેવાય?

માતાજી : ના, તે સત્ત્વે જે સ્વરૂપ ધારણ કર્યું છે તે મુજબ જ તમને સૂક્ષ્મદર્શન થએલ છે. તો પછી એ સૂક્ષ્મદર્શન સાચું જ છે પણ તેમાં જે હકીકત દર્શાવવામાં આવી છે તે ખોટી છે. આપણી વિવેકશક્તિ આ ભ્રામક-ઘટનાને પકડી શકતી નથી. તે સત્ત્વો તમને ભ્રમમાં નાંખી ખોટા રવાડે ચડાવે છે.

આશ્રમમાં પણ ઘણા સાધકોને આવા કડવા અનુભવો થયા છે. મારું સ્વરૂપ ધારણ કરીને તેઓ તેમને કોઈ સૂચન કરતાં. તેઓ શ્રદ્ધાથી તે મારું સૂચન સમજીને તે અનુસાર વર્તતાં અને મુશ્કેલીમાં મૂકાઈ જતાં, તેથી આવી મુશ્કેલી ટાળવા માતાજીએ એક સરળ ઉપાય દર્શાવેલો. તેઓ માતાજીને તે જણાવતા. માતાજી તેની ચકાસણી કરીને તેમને વાસ્તવિકતા જણાવતાં અને જો ભ્રામક હોય તો બચાવી લેતાં.

માતાજી સમર્પણ વિષે વાંચે છે, તેમાં પોતાની સંકલ્પ-શક્તિને પ્રભુની તપઃશક્તિના હાથમાં મૂકવાનું જણાવેલ છે, પણ લોકોને પ્રભુની તપઃશક્તિ વિષે જ કોઈ જાણકારી ન હોવાથી પોતે સંકલ્પ કરવાનું જ છોડી દે છે; જે ખરેખર યોગ્ય નથી જ. કેટલાક તેની સામે છેડે એવું માને છે કે બહારથી જે કાંઈ આવે છે તે પ્રભુના સંકલ્પાનુસાર જ હોય છે. તેમના મતે કોઈનો બળવાન-સંકલ્પ એ જાણે તેમના માટે પ્રભુનો સંકલ્પ બની જાય છે અથવા એ વખતે વૈશ્વિક-સંકલ્પ જે રીતે કામ કરતો હોય તે પ્રભુનો સંકલ્પ બની જાય છે.

અમુક લોકો માને છે કે દરેકે પોતાના સંકલ્પાનુસાર જ કામ કરવું જોઈએ અને અંતે, તે કર્મ પ્રભુને અર્પણ કરી દેવું જોઈએ. માતાજી જણાવે છે કે આ

પદ્ધતિમાં આપણા સંકલ્પને પ્રભુના સંકલ્પ સાથે તાલમેલમાં ગોઠવવા મન, ચિત્ત શાંત કરી અંતરના અવાજનું માર્ગદર્શન મેળવી પછી જ પોતાનો સંકલ્પ તે અનુસાર કરવો હિતાવહ છે.

આમ, પ્રભુને પોતાના સંકલ્પો સમર્પિત કરવાના અનેક પ્રકારો છે. ઘણાં લોકોના મતે કોઈ કામ ન કરે અને તે કરવું જરૂરી લાગે તો પોતે ઉપાડી લઈ તેને પ્રભુનો સંકલ્પ સમજી કરવું જોઈએ.

વ્યવહારુ ભૂમિકા એ છે કે માનવ જ્યારે પોતાની અંદર કોઈ સંકલ્પનું ઘડતર કરે છે ત્યારે તેણે પોતાને લાગતા ઉચ્ચોચ્ચ-આદર્શના પ્રકાશમાં તેને ફરીથી ચકાસી લેવો જરૂરી છે, જેથી તેમાં કોઈ ઊણપ ન રહે.

ઘણા લોકો એમ માને છે કે પ્રભુના સંકલ્પથી જ બધું થાય છે તો પછી ઉપાધિ કર્યા વગર શાંતિમાં નિવૃત્ત થઈ જીવવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે. તેઓ એમ કહે છે કે તમારો સંકલ્પ યશસ્વી થતો ન લાગે તો સમજો કે તે પ્રભુના સંકલ્પનો વિરોધી છે અને તેનો તુરંત ત્યાગ કરો.

પણ પ્રભુના સંકલ્પ સામે પણ અદિવ્ય-શક્તિઓના અવરોધો તો જાગે જ છે, તેથી અવરોધ છે; તેથી આપણો સંકલ્પ પ્રભુના સંકલ્પ-વિરોધી છે એમ માનવું યોગ્ય નથી. તત્કાલીન પરિસ્થિતિને કારણે પણ અવરોધો જાગતા હોય છે, જ્યારે ખરેખર તે સંકલ્પ પ્રભુનો જ સંકલ્પ હોવાની શક્યતા છે.

તો પછી આપણા સંકલ્પની સત્યતાની ખાતરી કેવી રીતે કરવી ? આનો જવાબ નિશ્ચિત છે જ. જો આપણે તટસ્થ, સ્થિર, શાંત, નીરવ-અવસ્થામાં રહેશું અને અહંકારની પસંદગી-નાપસંદગીની પ્રક્રિયાથી મુક્ત રહેશું અને આપણા સંકલ્પ વિરુદ્ધ જાગતા અવરોધોને જોશું તો તરત તેમાં રહેલી ઊણપ જણાશે. તે ઊણપનો નાશ કરવા જ વિરોધ જાગેલો હોય છે. તે માટે આપણે ઊર્ધ્વ-ચેતનામાં અને વિશાળ-ચેતનામાં સ્થિર રહીને જોવાનો અભ્યાસ કરવો પડે છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પ્રકૃતિનો ગુલામ

પ્રકરણ-૧૩૮

(Savitri B-1, C-4, P-64-65)

Even in his mortal session in body's house
An aimless traveller between birth and death.
Ephemeral dreaming of immortality.
To reign she spurs him. He takes up her powers;
He has harnessed her to the yoke of her own law.
His face of human thought puts on a crown.
Held in her leash, bound to her veiled caprice.
He studies her ways if so he may prevail
Even for an hour and she work out his will;

જીવ કોઈ સહેલગાહી જેમ ફરવા નીકળ્યો હોય અને ગેસ્ટ હાઉસમાં થોડા દિવસ રોકાય, તેમ માનવી શરીર ધારણ કરે છે. જાણે મૃત્યુના પ્રદેશમાં ફરવા (mortal session) આવ્યો હોય તેમ માનવી - શરીરરૂપી ગેસ્ટહાઉસમાં (body's house) રહે છે. મુસાફર જેમ નિશ્ચિત કોઈ કામ માટે આવેલો હોતો નથી, હરવાફરવા જ આવેલો હોય છે, તેમ આ જીવ પણ ધ્યેયહીન પ્રવાસી જ (aimless traveller) લાગે છે. તે જન્મ અને મૃત્યુ વચ્ચે સતત આવન - જાવન કરતો હોય છે અને આ મૃત્યુના ઓછાયા નીચે થોડા સમય માટે (Ephemeral) અમરતાનાં (immortality) સપનાં જોતો હોય છે. પ્રકૃતિ તેની ઉપર રાજ કરવા, તેની ઉપર વર્ચસ્વ નિર્માણ કરવા, તેની સામે વિવિધ સપનાંઓ રચે છે અને તેને કામ કરવા પ્રેરણા પૂરી પાડે છે (spurs) તે પ્રભાવને કારણે તે જીવ તે

પ્રકૃતિના ગુણધર્મોને પોતે સ્વીકારે છે (takes up her powers) અને પ્રકૃતિની પોતાની કાર્યપદ્ધતિ અનુસાર (her own law) જાણે તેમાંથી પોતાના માટે પાક લણે છે (harnessed) આવી રીતે ધીમે ધીમે ઉત્ક્રાંતિ પામતાં પામતાં માનવીની વિચાર - ક્ષમતાને પૂરેપૂરી વિકસાવે છે, જાણે તે યશ માટે તેને મુકુટ પહેરાવી નવાજે છે (puts on a crown) તો પણ તેની લગામ (leash) તો પ્રકૃતિના હાથમાં જ હોય છે અને પ્રકૃતિ તેને પોતાની ગુપ્ત લહેરી સ્વભાવ (veiled caprice) અનુસાર જ તેને દોરે છે. પણ જીવ થોડો પણ પોતે પોતાનાં સ્વામીત્વનો આગ્રહ રાખવા માંડે તો પ્રકૃતિ પોતાની કાર્ય રીતિ તેને સમજાવે છે કે જેથી તે સાચો સ્વામી બને. તે જીવ થોડા સમય માટે પણ પોતાનું સ્વામીત્વ (an hour) પુરવાર કરે તો પણ તે કાળમાં પ્રકૃતિ તેની ઈચ્છાનુસાર વર્તવા માંડે છે, અર્થાત્ સ્વેચ્છાએ તેનું સ્વામીત્વ કબૂલ કરે છે કારણ તે જ સાચી વાસ્તવિકતા છે.

He makes of her his moment passion's serf:
To obey she feigns, she follows her creature's lead:
For him she was made, lives only for his use.
But conquering her. then is he most her slave;
He is her dependent, all his means are hers;
Nothing without her he can. she rules him still.

પણ આ જીવનું સ્વામીત્વ હજુ સાચી દિશામાં વિકસતું હોતું નથી. તે પોતાની વાસના સંતોષવા જ પ્રકૃતિને ગુલામ તરીકે વાપરે છે. પોતાના આત્મ-સાક્ષાત્કાર માટે નહિ (passion's serf) પ્રકૃતિ તો તેની પાસેથી જે અપેક્ષા રખાય છે તે મુજબ જ તેને ખુશ કરવા મથે છે (she feigns) ખરેખર હજુ તે જીવ પ્રકૃતિનો ગુલામ જ હોય છે, તે પ્રકૃતિનું જ એક નિર્બળ પ્રાણી હોય છે (her creature's) પણ તેને ખુશ કરવા તે તેનું નેતૃત્વ (lead) પણ માન્ય કરે છે, કારણ પ્રકૃતિ જાણે છે કે તેને માટે તે અસ્તિત્વમાં આવી છે (For him) તેનો જીવ ઉપયોગ કરે એ જ તે પોતે પણ ઈચ્છે છે (his use) આ વાસ્તવિકતા હોવા છતાં તે પ્રકૃતિને જીતી શકતો નથી પણ તેનો પૂરેપૂરો ગુલામ થઈને રહે છે (most her slave) તે સર્વેસ્વે પ્રકૃતિ ઉપર જ આધાર રાખે છે (her dependent) તેના

સાધનો પણ તેને પ્રકૃતિએ જ આપેલાં છે (his means are hers;) તે પ્રકૃતિ વગર પાંગળો બની જાય છે (Nothing without her) તેથી હજુ તે પ્રકૃતિ જ તેની ઉપર હકૂમત ચલાવતી હોય છે.

At last he wakes to a memory of Self:
He sees within the face of deity.
The Godhead breaks out through the human mould:
Her highest heights she unmasks and is his mate.

અંતે, લાંબા સમયની આવી ગુલામી બાદ તેને પોતાના નિજ - સ્વરૂપનું (memory of Self:) ભાવ થાય છે. તેને હવે લાગે છે કે પોતાના આ બાહ્ય પશુ-સ્વરૂપમાં કોઈ દૈવીતત્ત્વ (deity) છુપાએલું છે. હવે માનવ તરીકેનો બાહ્ય અંચળો (human mould) ખરી પડે છે અને અંદર વસતા અંતર્યામી આત્મપ્રભુ પ્રગટ થવા માંડે છે. અંતર્યામી પ્રભુનાં દર્શન સાથે જ પ્રકૃતિનો ઊર્ધ્વ દિવ્યભાગના પરાપ્રકૃતિના પણ (highest heights) તેને દર્શન થવા માંડે છે અને તે આત્મતત્ત્વ અનુભવે છે કે પ્રકૃતિ તો તેની સંગાથી (mate) છે, તેનો જ સક્રિય - વિસ્તાર માત્ર છે.

Till then he is a plaything in her game;
Her seeming regent, yet her fancy's toy,
A living robot moved by her energy's springs,
He acts as in the movements of a dream.

અત્યાર સુધી તે પુરુષ પ્રકૃતિની રમતમાંનું એક રમકડું જ હતું, પણ તે જાણે રાજ પ્રતિનિધિ હોય (seeming regent) તેમ વર્તતો હતો. ભ્રમમાં રહેતો હતો કે પોતે પોતાની રીતે સ્વતંત્ર નિર્ણયો લે છે અને પોતાના જીવનનો પોતે માલિક છે. ખરેખર તો તે પ્રકૃતિની કલ્પનાનું એક રમકડું જ હોય છે (fancy's toy) તે જાણે એક જીવંત યંત્રમાનવ (robot) હોય છે અને પ્રકૃતિની શક્તિઓ જાણે તેના બધાં ચક્રોને ચલાવે છે (energy's springs) સ્વપ્નમાં જેમ સ્વપ્નમાંની વ્યક્તિ પોતાને સ્વતંત્ર માને છે પણ તેનું સંચાલન તે સ્વપ્ન જોનારનું મન કરે છે તેમ જ પ્રકૃતિ તેનું સંચાલન કરતી હોય છે.

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# મનોમય અને ચૈત્યપુરુષનો તફાવત

(ભાગ.૧, પૃ.૩૩૫-૩૪૩)

પ્રકરણ - ૧૪

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ ઘણા ખરા માણસોમાં કામનામય પ્રકૃતિ..... ચેતના ઉપર મોટા પ્રમાણમાં શાસન ચલાવે છે. પૃ.૩૩૫

૨ ઉપનિષદો અનુસાર મનોમયપુરુષ પ્રાણ-શરીરનો નેતા છે. પૃ.૩૩૫

૩ પ્રાણમય સ્વરૂપ અહં નથી..... અહં એ મનોમય, પ્રાણમય અને શારીરિક સ્વરૂપનો બનેલો છે. પૃ.૩૩૫

૪ બધા (પુરુષો) આત્માના પ્રક્ષેપો છે. પૃ.૩૩૬

૫ મનોમયપુરષ તમારી અંદર જે વસ્તુ ચાલી રહી છે તેને જોયા કરે છે..... પછી નિર્ણય લે છે. પૃ.૩૩૭

૬ દરેક ભાગે ચૈતસિક-તત્ત્વમાંથી અથવા ઊર્ધ્વમાંથી પોતાની અંદર સત્યને દાખલ થવા દેવું જોઈએ. પૃ.૩૩૯

૭ આ બાહ્યચેતના વ્યક્તિનો આત્મા નથી. પૃ.૩૪૧

૮ આંતરમન, આંતરપ્રાણ અને આંતરિક-શારીરિક, વિશ્વરૂપ ચેતનાના ભાગરૂપે હોય છે. પૃ.૩૪૧

૯ પશ્ચિમ લોકો ક્રિશ્ચિયન ખ્યાલ પ્રમાણે ટેવાયેલા છે કે શરીરની સાથે આત્માનું સર્જન થાય છે. પૃ.૩૪૨

૧૦ ચૈત્યપુરુષનું ઉપનિષદોમાં અંગૂઠાથી મોટા કદનો નહિ..... આ એક પ્રતીકમય વર્ણન છે..... ચૈત્યપુરુષનો આકાર જુએ છે તો તે તેનાથી મોટો

હોય છે. બાહ્યચેતના જે શરીરથી મર્યાદિત છે તેનાથી વધારે વિશાલ હોય છે. પૃ.૩૪૨

૧૧ ચૈત્યપુરુષને એક રૂપ હોય છે પરંતુ તે ફોટામાં દેખાતું નથી (માનવકૃતિ રૂપે) વ્યક્તિ ફોટા મારફતે તેનું દર્શન કરી શકે છે (કોઈ એવી વસ્તુ જે શરીર દ્વારા પ્રગટ થઈ રહી છે) પૃ.૩૪૩

*******

મનોમયપુરુષ નિરીક્ષણ કરે છે અને તર્ક કરી નિર્ણય લે છે. ચૈત્યપુરુષને આવું કરવાની જરૂર નથી. તેને સહજ–સ્ફૂરણા અથવા પ્રેરણાની ક્ષમતા હોય છે. તેની દ્વારા જ તે સાચી ખોટી ગતિઓને તત્કાળ ઓળખી લે છે. ચૈત્યપુરુષ વિકાસ પામી સચેતન થાય છે, ત્યારે જ તે પોતાની પાછળ રહેલ જીવાત્માના સ્વરૂપને જાણી શકે છે.

ઉપનિષદો જે નાડીતંત્ર દ્વારા શરીરને સંચાલિત કરતો મનોમય-પુરુષની વાત કરે છે તે પોતે નાડીતંત્ર પ્રકૃતિની રચના છે. જ્યારે મનોમયપુરુષ પુરુષતત્ત્વનું એક સ્વરૂપ છે. સામાન્ય માનવમાં ચૈત્યપુરુષ એકબંધારણીય રાજા જેવો હોય છે અને મનોમયપુરુષ જ તેના વતી જાણે પ્રધાનમંત્રી તરીકે બધાં નિર્ણયો લેતો દેખાય છે. આ પ્રકારનાં વિધાનો અર્ધસત્ય છે. કારણ વ્યક્તિદીઠ તો ઘણી વખત મનોમય કે પ્રાણમય કે શારીરિક-પુરુષ ત્રણે પૈકી કોઈ પણ પ્રધાનમંત્રી તરીકે કામ કરતી જણાય છે. બીજું, પ્રસંગાનુસાર ઉપરનાં ત્રણ પૈકી કોઈ પણ એક પ્રધાનમંત્રી તરીકે બદલાતા પણ અનુભવાય છે.

દરેક માનવમાં ચૈત્યપુરુષથી માંડી પાર્થિવપુરુષ સુધીના વિવિધકક્ષાના પુરુષો હોય છે અને તે બધા સુસંવાદમાં રહેતા હોય છે તેવું પણ નથી. દરેક પુરુષની પોતાની અલગ વ્યક્તિતા હોય છે. સામાન્ય માનવ આ વસ્તુ સમજી શકતો નથી. માનસશાસ્ત્રીઓ હવે થોડું થોડું સમજતાં થયાં છે અને Split personality ને એક વાસ્તવિકતા તરીકે માન્ય કરતા થયા છે. યોગનું લક્ષ્ય જ એ છે કે આ વિવિધ પુરુષોને એક કેન્દ્રસ્થ-પુરુષના વર્ચસ્વ નીચે લાવી તેમને સુસંવાદમાં કામ કરતાં કરવા. તે માટે જરૂરી હોય તે પુરુષની વ્યક્તિતા અને પ્રકૃતિમાં ફેરફાર કરવો. અર્થાત્ આ કેન્દ્રિય-પુરુષ ચૈત્યપુરુષ હોવો જરૂરી છે. ઘણી વખત વિકસિત

માનવમાં મનોમયપુરુષ તે કેન્દ્રિય-ભૂમિકાનો કબજો લઈ લે છે. તે સાધનાની દૃષ્ટિએ બહુ વિકાસ ગણાતો નથી.

સાચું એ છે કે બધા પુરુષોને તેની આગવી રીતે પૂર્ણતા બક્ષવી પડે છે અને તેમને ચૈત્યપુરુષમાંથી પ્રેરણારૂપે આવતા સત્યોને ધારણ કરતા કરવા પડે છે. ત્યારે જ તે બધાં સંવાદમાં રહી શકે છે.

અર્થાત્ જ્યાં સુધી વ્યક્તિ પોતાની ચેતનાને પ્રકૃતિની ગતિવિધિઓમાંથી અલિપ્ત અને મુક્ત કરી શકતી નથી અને સાક્ષીભાવે આંતરનિરીક્ષણ કરી શકતી નથી, ત્યાં સુધી આ વિવિધપુરુષોની વિવિધતા, સ્વચ્છંદતા, પોતાની રીતે જ વર્તવાનો આગ્રહ આ બાબતનું અનુભવસિદ્ધ સ્પષ્ટ જ્ઞાન થતું નથી. તે માટે સાધકે પોતાની ચેતનાને ચૈત્યપુરુષના પ્રભાવ નીચે રાખતા શીખવું પડે છે અને તેની પ્રેરણાનુસાર જ કાર્ય કરવાની ટેવ પાડવી જોઈએ.

અર્થાત્ આવેગોમાં ઢસડાઈને ચૈત્યપુરુષની અભીપ્સા વિરોધી જીવન ગાળવું એ માનવીની સર્વ સાધારણ નબળાઈ છે. પણ તે નબળાઈ એટલે યોગ કરવાની અક્ષમતા એવો અર્થ ન લેવો જોઈએ. વ્યક્તિ ધારે તો પણ આ નબળાઈઓમાંથી ઉપર ઉઠવાની ક્ષમતા ધરાવે જ છે. પણ તે માટે તેણે સાધનાને ગંભીર રીતે લેતા શીખવું પડશે. ચૈત્યપુરુષ તો તેને અનુકૂળ પરિસ્થિતિ મળતાં જ પોતાનો પ્રભાવ પાડવાની શરૂઆત કરી દે જ છે. અજ્ઞાનમાંથી મુક્ત થવાની પ્રથમ શરત એ જ છે કે સાધકે વાસ્તવિકતાઓને પહેલા સ્વીકારી લેવી જોઈએ. બાહ્યચેતના જે ઉપરની નબળાઈને આધીન છે તે આપણું સાચું વ્યક્તિત્વ નથી. તે તો એક કામચલાઉ સપાટી ઉપરની લીલા માટે રચેલું ઘડતર છે. વ્યક્તિત્વ જેને લેટિન ભાષામાં Persona કહે છે તેનો અર્થ 'બુરખો અથવા આવરણ'' એવો છે, જે આધ્યાત્મિક રીતે સાચો છે. આપણા આ બાહ્યસ્વરૂપનાં ઓઠા નીચે જે આંતરમન, આંતરપ્રાણ, આંતરપાર્થિવતત્ત્વનું બનેલું આંતરસ્વરૂપ છે, તે પરમાત્માનો પ્રભાવ સહેલાઈથી ઝીલતું હોવાથી તે આપણા સાચા સ્વરૂપની વધારે પાસે છે. આ આંતરસ્વરૂપ વૈશ્વિક ચેતના પ્રત્યે વધારે ઉઘાડ ધરાવે છે તેથી તે સત્યને વધારે ને વધારે ધારણ કરી શકે છે.

અંગ્રેજી ભાષામાં આંતરસ્વરૂપ માટે વપરાતો "Soul" અસ્પષ્ટ છે.

આંતરસ્વરૂપમાં ચૈતસિક-સ્વરૂપનો સમાવેશ થતો નથી. પણ Soul શબ્દમાં તેનો પણ સમાવેશ કરવામાં આવે છે. યુરોપીય વિચારસરણીમાં શરીર છોડીને બાકી બધું જ તે શબ્દમાં અંતર્ભૂત કરવામાં આવે છે. વિજ્ઞાન શરીરનું નિશ્ચિત અસ્તિત્વ માને છે, આત્માનું નહિ. ક્રિશ્ચિયન લોકોની માન્યતા છે કે શરીર સાથે જ આત્મા જન્મે છે. આ મૂળ જ્યૂ લોકોનો વિચાર છે જે પ્રભુને માને છે પણ અમર આત્માને નહિ.

ઉપનિષદોમાં ચૈત્યપુરુષનું વર્ણન 'અંગૂષ્ઠ માત્રમેવ પુરુષ:' એવું કરેલ છે. અર્થાત્ તે અંગૂઠાના આકારની કળી-આકારની જ્યોતસ્વરૂપ હોય છે (જ્યોત કલિકાવત્) કદાચ આને જ જ્યોતિર્લિંગ કહેતા હોય. પણ સાધકને જે મનોમય, પ્રાણમય કે શારીરિક-પુરુષનું દર્શન થાય છે, તેમાં તે શરીર કરતાં વધારે વિશાળ લાગે છે; કારણ તે સૂક્ષ્મ વધારે હોય છે. વિશ્વચેતનામાં પ્રવેશતા તો આ વ્યક્તિ-ચેતનાઓ પણ ખૂબ જ નાની અને ચેતનાની સપાટી ઉપરની ગતિવિધિ સ્વરૂપ લાગે છે.

ચૈત્યપુરુષને રૂપ હોય છે જ કારણ તે સાકાર હોય છે પણ તે સ્થૂળ શરીરને મળતો આવતો નથી. કેરેલિયન ફોટાઓમાં જે આકાર દેખાતો હોય છે અને જેમને લોકો આત્માનું સ્વરૂપ સમજે છે તે તો ખરેખર તે વખતે ચૈત્યપુરુષનાં મનોમય, પ્રાણમય કૃતિ દ્વારા પ્રગટ થતી હોય છે. તે આવિર્ભાવની પ્રકૃતિ દ્વારા પ્રગટ થતી હોય છે તે આવિર્ભાવની તે ક્ષણનું દર્શન હોય છે. તે ચૈત્યપુરુષનો આકાર હોતો નથી. વ્યક્તિચેતના જ્યાં વૈશ્વિકચેતનામાં પ્રગટ થાય છે તે બિન્દુનો વધારે પ્રકાશમય ભાગ જ કદાચ અંગૂઠા જેવડી જ્યોત સ્વરૂપ દેખાતો હશે અથવા પ્રભુની હાજરીસ્વરૂપ જે સ્ફૂલિંગ હોય છે તેનું આ વર્ણન હોવાની શક્યતા છે. જીવાત્માએ પ્રભુનો જે સંકલ્પ ધારણ કરેલો હોય છે તેમાં નિશ્ચિત જે સ્વરૂપ હોય છે તે જ ચૈત્યપુરુષનું સાચું સ્વરૂપ હોય છે, જે ચૈતસિક સ્તરે નિશ્ચિત રીતે રચાયેલું હોય છે, પણ મનોમય, પ્રાણયમ કે શારીરિક સ્તરે હજી પૂરેપૂરું વિકસિત થયેલ હોતું નથી. લોકો જેને આત્માનો આકાર સમજે છે તે તો આ જન્મનું કે ગત જન્મનું શારીરિક-સ્વરૂપ હોય છે. તે દર જન્મે બદલાય છે. તે એક વચનગાળાનો તબક્કો માત્ર હોય છે. જેમ માનવનું પૂર્ણ વિકસિત સ્વરૂપ અને તે ગર્ભરૂપે હતો તેનું સ્વરૂપ જુદું પડે છે, તેવી આ ઘટના છે.

# ઉપનિષદો
- શ્રી અરવિન્દ

## (૨)કેનોપનિષદ
(ઉપનિષદો, પૃ.૧૦૧-૧૧૦)

વિભાગ ચોથો

૧ સા બ્રહ્મેતિ હોવાચ બ્રહ્મણોવા એતદ્વિવજયે
મહીયધ્વમિતિ તતો હૈવ વિદાંચકાર બ્રહ્મોતિ॥

તે ઉમાએ તેને કહ્યું, ''તે બ્રહ્મતત્ત્વ હતું.'' (સા બ્રહ્મોતિ હોવાચ) તે બ્રહ્મતત્ત્વનો જ આ વિજય છે જેમાં તમને મહાનતા મળે છે (બ્રહ્મણો વા એતદ્વિજયે મહીયધ્વમિતિ) ત્યારે જ (તતોહૈવ) તે ઈન્દ્રે જાણ્યું કે તે બ્રહ્મ છે (વિદાંચકાર બ્રહ્મૈતિ).

૨ તસ્માદ્વા એતે દેવા અતિતરામિવાન્યાન્દેવાન્ય દગ્નિર્વાયુરિન્દ્રસ્તે
હ્યેનન્નેદિષ્ઠં પસ્પર્શુંસ્તે હ્યેનત્પ્રથમો વિદાંચકાર બ્રહ્મેતિ॥

તેથી આ દેવો જાણે અન્ય દેવોની પેલેપાર જઈ શક્યા (તસ્માદ્વા એતે દેવા અતિતરામિવાન્ય્યાત્ દેવાન્) અને અગ્નિ, ઈન્દ્ર, વાયુ આ દેવોની પણ પેલેપાર છે (અગ્નિર્વાયુરિન્દ્રસ્તે) કારણ તે પહેલા પેલા બ્રહ્મતત્ત્વના સ્પર્શના વધુ પાસે પહોંચી ગયા હતા. (હયેનન્નેદિષ્ઠંપસ્પર્શુંસ્તે) તે જ બ્રહ્મતત્ત્વના પ્રથમ જાણકાર થયા (હયેનત્પ્રથમો વિદાંચકાર બ્રહ્મેતિ)

૩ તસ્માદ્ વા ઈન્દ્રોતિતરામિવાન્યાન્દેવાન્સ હ્યેનન્ને
દ્વિષ્ઠં પસ્પર્શ સ હ્યેનત્પ્રથમો વિદાંચકાર બ્રહ્મેતિ॥

પણ ઈન્દ્ર જાણે પેલા બધાં દેવોથી પર છે (તસ્માદ્ વા ઈન્દ્રોઽતિતરામિવાન્યાન્દેવાન) કારણ તે બ્રહ્મતત્ત્વના સ્પર્શના પાસેપહોંચી ગયા હતા અને તેમણે જ પ્રથમ જાણ્યું કે તે બ્રહ્મ-તત્ત્વ હતું (સ હ્યેનન્નેદિષ્ઠંપસ્પર્શ સ હ્યેનત્પ્રથમો વિદાંચકાર બ્રહ્મેતિ)

૪ તસ્યૈષ આદેશો યદેતદ્વિદ્યુતો વ્યદ્યુતદા
ઈતીન્ન્યમીમિષૃદા ઇત્યધિદૈવતમ્॥

તેના (બ્રહ્મતત્ત્વના)આદેશથી જ આ સમજણનો ઝબકારો આપણને આપવામાં આવેલો (ઉમા હૈમવતીની સલાહ) (તસ્યૈષ આદેશો યદેતદ્વિદ્યુતો વ્યુદ્યુતદા) અથવા આ જે આંખોનાં પલકારા (ઈતીન્ન્યમીષૃદા) (તે પણ તેના આદેશથી જ પડે છે) આ જ વસ્તુ દેવોને પણ લાગુ પડે છે (ઈત્યધિદૈવતમ્)

૫ અથાધ્યાત્મં તદેતદ્ ગચ્છતીવ ચ મનોઽનેન
ચૈતદુપસ્મરત્યભીક્ષ્ણં સંકલ્પઃ॥

આનું અધ્યાત્મ (સાધનાકીય વાત) એ છે કે (અથાધ્યાત્મં) જ્યારે મન તેની (બ્રહ્મતત્ત્વ) ઉપર એકાગ્ર થવા માંડે છે (યદેતદ્ ગચ્છતીવ ચ મનો) ત્યારે તેની મદદ વડે જ (અનેન ચૈતદ્) તે પાછળથી તેના સંકલ્પ વડે તેનું અનુસ્મરણ કરતું રહે છે અને તેને આંતરિક રીતે હરક્ષણે જોવાનો પ્રયત્ન કરે છે. (ઉપસ્મરત્ અભીક્ષ્ણં સંકલ્પઃ)

૬ તદ્ધ તદ્વનું નામ તદ્વનમિત્યૂપાસિતવ્યં સચ એતદેવં
વેદાભિ હૈનં સર્વાણિ ભૂતાનિ સંવાંછન્તિ॥

તેનું નામ છે 'તે આનંદ' (તદ્ધ તદ્વનૈ નામ) તેથી તે આનંદને આપણે અનુસરવું જોઈએ (તદ્વનમિત્યૂપાસિતવ્યં) એ વસ્તુ તે જાણે છે (સચએતદેવં વેદાભિ) કારણ તે જ બધાં પ્રાણીમાત્રની પણ શોધ છે (હૈનં સર્વાણિ ભૂતાનિ સંવાંછંતિ)

૭ ઉપનિષદં ભો બ્રુહીત્યુકતા ત ઉપનિષદ્
બ્રાહ્મી વાવ ત ઉપનિષદમબ્રૂમેતિ॥

તમે બોલ્યા મને પાસે બેસાડીને ઉપદેશ આપો, સમજાવો (ઉપનિષદં ભો બ્રુહીત્યુકતા) આ જે બોલ્યો તે જ ઉપનિષદ છે (ત ઉપનિષદ્) તે બ્રહ્મતત્ત્વને લગતું જ ઉપનિષદ છે જે મેં તને કહ્યું (બ્રાહ્મી વાવ ત ઉપનિષદમબ્રૂમેતિ)

૮ તસ્યૈ તપો દમઃ કર્મેતિ પ્રતિષ્ઠા વેદાઃ
સર્વાંગાનિ સત્ય માયતનમ્॥

(અનુ.પૃ.૪૬ ઉપર)

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# સવિતૃ - ભગ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૩-૧૦૬)

પ્રકરણ -૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

શ્યાવાશ્વના આ સૂક્તમાં ભગ માટે ખાસ વિશેષણો વાપરેલાં છે. ભગવાન શબ્દમાં પણ 'ભગ' શબ્દ છે જ. પ્રભુએ પોતાના ગૂઢ, અવ્યક્ત આનંદને પ્રગટ રીતે ભોગવવા પોતાનાં જ અસ્તિત્વના અસીમ વિસ્તારમાં અનેક આનંદના આવિર્ભાવ કેન્દ્રો રચ્યાં. તેથી જ તેને 'ભગવાન' કહેવાય છે; કારણ ભગનો અર્થ છિદ્ર અથવા કેન્દ્ર એવો પણ થાય છે. (દા.ત. ભગંદર રોગમાં ગુદા પાસે જુદું છિદ્ર પડી જાય છે તેથી તે રોગને ભગંદર કહેવાય છે.) વેદોમાં ભગનો અર્થ છે આનંદનું આવિર્ભાવ કેન્દ્ર, જે દિવ્ય ભોગ કેમ ભોગવવો તે આપણને સમજાવે છે. આ સૂક્તનાં મંત્રોમાં 'ભોજનમ્' (૧) 'ભાગ' (૩) 'સૌભગમ્' (૪) આ શબ્દો દિવ્યાનંદને માણવા માટે જ વપરાયેલો છે. અપ્રગટ આનંદને પ્રગટ કરવાનું કામ 'સવિતૃ' કરે છે. પણ તે પ્રગટ આનંદને દિવ્યતાને ધારણ કરીને કેવી રીતે ભોગવવો એ ભગ શીખવે છે. સૂર્ય શબ્દમાંનો સૂ' ધાતુનો અર્થ છે પીસીને કાઢવું નીચોવવું, અર્થાત્ અપ્રગટને પ્રગટ કરવું. સવિતૃ જે આનંદને વ્યક્ત કરે છે તે છે સોમ-રસ અને ભગ તેને માણતા શીખવે છે.

આમ ઉષાએ પ્રગટ કરેલ ઋત્‌થી શરૂ થયેલ પ્રવાસ આનંદના ભોગમાં પૂર્ણતા પ્રાપ્ત કરે છે, અને આ આનંદ વળી વધારે ઋત્ તરફ જવા પ્રેરણા આપે છે અને ઉષા ફરી તેના આધારે વિશાળ ઋત્‌ને પ્રગટ કરે છે. ઉત્ક્રાંતિની આ આધ્યાત્મિક પ્રક્રિયા છે.

સામાન્ય માનવીની ભોગવૃત્તિ તેની ચેતનાને નિમ્નગામી બનાવે છે, નીચલી કક્ષાએ લઈ જાય છે. પણ ભગ દ્વારા મળેલ દિવ્યાનંદનો ભોગ આવું ચેતનાનું પતન

કરતો નથી, પણ તેને પોતાની સાચી ચેતનાની સ્થિતિમાં જ (સ્વરાજ્યમ્ - ૨) સ્થિર રાખે છે. આ જ ભગની વિશેષતા છે. અહીં ભુક્તિ અને મુક્તિ સાથે જ રહે છે.

આનંદના સાત પ્રકાર (સપ્ત રત્નાનિ) વેદોમાં જણાવેલ છે. દરેક લોકનો એક ખાસ પ્રકારનો આનંદ હોય છે. આમ સપ્તલોકનાં સાત આનંદ થયા. આ સાતે લોકનો આનંદ એકીસાથે ભોગવવાનું સામર્થ્ય વિકસાવવું એ પણ ભગની વિશેષતા છે. આ બધા આનંદો આત્મતત્ત્વમાંથી પ્રગટ થતા હોવાથી તેમને આત્માનાં સંતાનો સમાન (પ્રજાવત્ સૌભગમ્ - ૪) ગણાવેલ છે.

વેદોની માન્યતા છે કે બધાં જ દુ:ખોરૂપી દુર્ભાગ્ય દુરિતમ્ - ખોટી સમજણમાંથી જન્મે છે. ખોટી સમજણ એ ખરાબ સ્વપ્ન જેવી હોય છે. જે સ્વપ્ન જોતી વખતે સાચા લાગે છે પણ જાગૃતિ બાદ મિથ્યા અને ભ્રમ. તેથી આ સૂક્તમાં આ દુ:સ્વપ્નને હટાવવાની માગણી કરેલી છે. (દુ:સ્વપ્ન સુવ - ૪) જેથી દુર્ભાગ્ય, દુર્ગતિને અમે ટાળીએ. (દુરિતાનિ પરા સુવ - ૫) એક વખત આ ખોટો માર્ગ (દુરિતાનિ) ટળી જાય તો માનવ નિષ્પાપ બની જાય છે. (અનાગસ:) તેથી સાધક બધાં જ દિવ્ય-આનંદોને ધારણ કરી માણતા શીખે છે. (વિશ્વો વામાનિ ધીમહિ - ૬)

સારાંશ, આપણા જીવનમાં દરેક વસ્તુને તેમાં રહેલ ઋત્ મુજબ સ્થાન મળવું જોઈએ. માનસિક પસંદગીને કારણે આપણે તેને દેશ-કાળ-વસ્તુ કે ક્રમને પોતાની રીતે ગોઠવીએ છીએ તે જ ખોટી ગતિ (દુરિતાનિ)નું કારણ છે.

બધી વસ્તુઓને વ્યવસ્થિત રીતે છંદમાં ગોઠવવા માટે આપણે ઊર્ધ્વમાંથી આવતી આંતરપ્રેરણાઓને સાંભળીએ છીએ, ત્યારે દરેક વસ્તુનું ઋત્ જ તેને જન્મ આપે છે, તેથી આપણે સભાન બનીએ છીએ. (જાતાન્યા શ્રાવયતિ શ્લોકન - ૯) અને તેથી તેને જીવનમાં યથાયોગ્ય સ્થાને જ ગોઠવીએ છીએ તેથી તે ચેતનાને બંધનકર્તા ન નીવડતા આપણને વરુણ, મિત્ર, ભગ અને અર્યમાના કાર્ય સાથે સતત જોડી રાખે છે.

આ વિવરણથી આ સૂક્તમાં આપેલા સંક્ષિપ્ત સંદર્ભોને આપણે સાચા સંદર્ભમાં સમજી શકશું :

૧. સર્વધાતમ્, તુરં તત્સવિતુર્વૃણીમહે - (૧) બધાંને યોગ્ય સ્થાને

(અનુ.પૃ.૮ ઉપર)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# જીવનમાંનો સંઘર્ષ

પ્રકરણ - ૩૭

(પૃ.૧૫૩-૧૫૮)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. My whole life has been a struggle with hard realities. P. 153
2. The Divine when he takes on the burden of terrestrial nature, takes it fully, sincerely and without any-pretence. P. 154
3. The psychic being does the same for all who are intended for the spiritual way. P. 154
4. I have seen them (difficulties) more clearly, experienced them on a larger scale than anyone. P. 154
5. In the way that one treads with the greater light above, even every difficulty gives its help and has its value. P. 155
6. I am myself, more a hero by necessity than by choice - I do not love storms and battles. P. 155
7. 'Durgam pathastat' may be generally true and certainly the path of Laya or Nirvana is difficult in the extreme to most. P. 155

8 I find that after a certain point the storms diminish in force, frequency, duration. P. 155

9 Fits of depression and darkness and despair are a tradition in the path of Sadhana. P. 156

10 My experience had led me to the perception that they are an unnecessary tradition and could be dispensed with if one chose, P. 156

11 Don't much care for Vairagya, myself always avoided the beastly thing, but had to through it partly, till I hit on samata as a better trick. But samata is difficult, vairagya is easy. P. 156

12 All this comes from the complexity and slowness of our evolutionary nature which Yoga quickens. P. 157

13 One must... see the exaggeration in the adversary's successful negation (of Sadhana) as well as the exaggeration in our idea of a complete and definite victory already there. P. 157

14 These things (difficulties or evil forces) rise up like that because they are fighting for their existence. P. 157

15 Afterwards when they cannot effect their object... the whole thing sinks and there is no longer any vehement trouble. P. 157

16 At a certain period of the Yoga it (anger) rose in me like a volcano - (the cause of it) I don't know about a subconscient, must have come from universal nature. P. 158

ઉત્ક્રાંતિના હાલના તબક્કામાં જીવનમાંનો સંઘર્ષ અટળ છે. શ્રી અરવિન્દનું પોતાનું જીવન શરૂઆતથી જ સંઘર્ષમય રહ્યું અને છેલ્લા દિવસ સુધી રહ્યું. તફાવત એટલો જ કે શરૂઆતનો સંઘર્ષ બાહ્ય-જીવનમાં ઉગ્ર હતો તે પછી તે સંઘર્ષ આંતરિક જીવનમાં, સાધનાની કક્ષાએ થવા લાગ્યો. જૂના યોગીઓ તો એમ જ માનતા કે સંઘર્ષ એ સાધનામાં અટળ છે અને તે બધાને જ ભોગવવો પડે છે. પણ શ્રી અરવિન્દ જણાવે છે કે ખરેખર સાધનાનો પોતાનો કોઈ તેવો નિયમ નથી. પણ હાલમાં ઉત્ક્રાંતિ પોતે જ જે સંઘર્ષમય અવસ્થામાંથી પસાર થઈ રહી છે તેના પરિણામરૂપે આપણે પણ આપણો ક્રોસ ઉપાડવો પડે છે.

ભૌતિક સંઘર્ષ સિવાયના માનસિક સંઘર્ષમાંથી પણ શ્રી અરવિન્દ પસાર થયાં જ છે. લોકો એમ માને છે કે શ્રી અરવિન્દને સાધના વિષે શંકાકુશંકા ક્યારે આવી જ નથી. ખરેખર તેવું નથી. તેમને પણ શંકાકુશંકાઓના, અણસમજના પ્રહારો સહન કરવા જ પડ્યાં છે. પણ તેમની એક પ્રચંડ શ્રદ્ધા હતી કે પ્રભુ જ્યારે કોઈનો બોજો ઉપાડી લે છે ત્યારે તે બાહ્ય પ્રકૃતિનો પણ પૂર્ણ બોજો ઉપાડી લે છે. તે કાંઈ દેખાવ પૂરતી મદદ હોતી નથી. ચૈત્યપુરુષ પણ તે જ રીતે સાધનાકાળના સંઘર્ષમાં પોતે ઝંપલાવી તેમાંથી પસાર થતો હોય છે. પણ શ્રી અરન્દિ આ સંઘર્ષમાં યશસ્વી થયા તેનું કારણ આ સંઘર્ષના મૂળકારણરૂપ પણ જે તત્ત્વો છે તેમની એમને સાચી ઓળખ મળી ગઈ હતી. તેમને તે સ્પષ્ટ જોઈ શકતા હતા. તે વૈશ્વિકપ્રકૃતિની કાર્યપદ્ધતિમાંથી કેવી રીતે નિર્માણ થયાં છે એ તેઓ સમજી શક્યાં હતાં. વળી તેમને જીવનનું ધ્યેય પણ સ્પષ્ટ સમજાયેલું અને તે મેળવશે જ તેવા આત્મવિશ્વાસ સાથે જ તેઓ કાયમ આગળ વધેલા.

તેમણે આ બધી આપત્તિઓનું સાચું રહસ્ય સમજી લીધું હતું. આપત્તિઓ બહારથી આવતી લાગવા છતાં તેમનો મૂળ હેતુ તો સાધકની સાધનામાં વિશાળતા, શુદ્ધતા, ઊંડાણ લાવવાનો જ હોય છે. તેઓ વિકાસમાં આગળ વધવા સાધકને ભાગ પાડે છે. તેની અપૂર્ણતાઓ દર્શાવી તેની સાધનાને પૂર્ણતા બક્ષે છે. પાયો મજબૂત કરતા જાય છે. આ તેમની તરફ જોવાની સાચી

આધ્યાત્મિક રીત છે. જેમ જેમ સાધક વધારે સત્યના પ્રકાશમાં વધુ રહેતા શીખશે તેમ તેમ તેની આ સાચી સમજણ વધતી જાય છે.

દરેક માનવમાત્રમાં એક બીકણ બેઠો છે. ગત જન્મની યાતનાઓની તે પેદાશ છે. પણ તેને એક વખત જીતવો તો પડશે જ. ભય આ સાધકને સતાવતો મોટો દુશ્મન છે. તે આત્મવિશ્વાસને ડગાવી નાખે છે. તેને શ્રદ્ધાથી જ જીતવો પડે છે. પ્રભુ મને તારશે જ - આ પ્રચંડ શ્રદ્ધા જ તેને ભયમાંથી બહાર કાઢે છે. બીજો ઉપાય છે - સમતા વિકસાવવાનો.

યોગપથ 'દુર્ગમપથાસ્તદ્' એ સાચું છે. તેમાં પણ નિર્વાણપ્રાપ્તિ સહુથી અઘરી છે. પણ શ્રી અરવિન્દનો અનુભવ છે કે યોગી પોતાની સાધનામાં અડગ રહે તો એક તબક્કો આવે છે જ્યારે સંઘર્ષ તીવ્રતામાં, સમયમાં અને પુનરાવર્તન કરવાની રીતે ઘટતો જ જાય છે.

તેવું જ ગુસ્સા બાબત છે. શ્રી અરવિન્દ પોતે જણાવતા કે એક તબક્કે તેમનામાં ગુસ્સો પણ જ્વાલામુખીની જેમ ફાટી નીકળતો. પણ તેની લહેર વિશ્વપ્રકૃતિમાંથી આવતી તેમણે અનુભવી છે. એક વખત ગુસ્સાની લહેર દાદરો ચડી તેમની તરફ આવતી તેમણે પોતે નક્કર રીતે અનુભવેલી. ગુસ્સો અવચેતનમાંથી આવે છે એવો તેમને અનુભવ નથી, એમ તેઓ જણાવે છે.

સાધનામાં વચગાળામાં સ્થગિતતાના તબક્કા પણ આવે છે. તે પોતાની સાધના પચાવવાનો તબક્કો હોય છે. તેમાં ચેતના અંતરમાં ડૂબકી મારી તે પરિણામોને સ્વભાવનો ભાગ બનાવતી હોય છે પણ સાધક બાહ્ય ચેતનામાં રહેતો હોય તો તેને સાધના સ્થગિત થઈ ગયેલ છે એમ લાગે છે. તે કાળમાં અસ્વસ્થ ન થતાં શાંતિ ધારણ કરવી જરૂરી છે. નહીં તો અંદર ઊંડી ઉતરેલી ચેતનાને પોતાનું અધૂરું કામ મૂકીને પાછા બાહ્યસ્તરે આવી જવું પડે છે. શ્રી અરવિન્દ જણાવે છે કે તેમની સાધનામાં તેમણે છ છ માસનાં સ્થગિતતાના તબક્કા અનુભવ્યા છે પણ તેમણે તે અસ્વસ્થ થયા વગર શાંતિથી પસાર થવા દીધા હતા.

શ્રી અરવિન્દ જણાવે છે કે સંઘર્ષ અને વિપત્તિઓનું પણ સાધનામાં પોતાનું મૂલ્ય હોય છે. તે છૂપી પ્રભુકૃપા હોય છે અથવા કઠોર પ્રભુકૃપા હોય છે. તે સાધકની સાધનામાં કાંઈક ઉમેરીને જ જાય છે.

સંઘર્ષ વગર સાધના શક્ય નથી એનું કારણ હાલના તબક્કે પ્રકૃતિની ઉત્ક્રાંતિ ખૂબ જ સંકુલ અને ધીમી થઈ રહી છે. તેના કારણે જ ચેતના અને પ્રકૃતિમાં વારંવાર સંબંધ ખેંચાઈ જાય છે, કારણ તેમના વિકાસના વેગમાં તફાવત પડી જાય છે. આ વાસ્તવિકતા જ્યાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી સંઘર્ષ અટળ રહેશે પણ એક વખત અતિમાનસિકરણ થઈ જાય અને ચેતનાનો ભાગ જ પ્રકૃતિ બની જાય પછી આવી ઘટના જ ન થવાથી બધાં જ સંકટો શમી જશે. તેમ છતાં ચેતનાનો અનંત વિકાસ તો ચાલુ જ રહેવાનો છે. તે તબક્કાની સાધના તો સંવાદમય, સુખમય, સાધના બની જશે; તેથી સંઘર્ષ સાધનામાં તે વખતે જરૂરી નહીં જણાય. હાલમાં અદિવ્યતત્ત્વો પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ ખેલી રહ્યાં છે.

---

(પૃ.૪૭ ઉપરથી આગળ) **જાતક કથાઓ**

બીજે દિવસે હરણ સીધે સીધું મહેલ પાસે આવ્યું. માળીએ તેને થોડુંક મધ લગાડેલું ઘાંસ આપ્યું અને પોતે મહેલમાં ગયો. હરણ તેની પાછળ મહેલમાં પ્રવેશ્યું. ત્યાં માળીએ હરણને થોડુંક ઘાંસ આપી રાજાને બોલાવ્યા. સેવકોએ આવી તરત મહેલનાં બધાં દરવાજા બંધ કર્યા.

હરણને હવે પોતે ફસાયાનો ખ્યાલ આવ્યો. તે આમ તેમ હાફળું ફાફળું થઈને દોડવા લાગ્યું. પણ માર્ગ મળ્યો નહિ. રાજા હરણનો વલોપાત જોઈ રહ્યો હતો. તેને સમજણ મળી. જીભના ચટકા ભલભલાને ફસાવે છે.

રાજાએ સેવકોને કહ્યું, '' આ હરણને જવા દો. તે મારું ગુરુ છે. તેણે મને બે અનમોલ પાઠ ભણાવ્યા. એક, અતિવિશ્વાસ ન કરવો. બીજું, સ્વાદ અને શોખના ગુલામ ન બનવું. કારણ દગાખોર આ દ્વારા જ તમારો ઘાત કરે છે. દરેક વસ્તુ ચકાસીને જ સ્વીકારવી જરૂરી છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)

પ્રકરણ - ૪૧

## ચૈત્યપુરુષઃ ત્રિવિધ સમર્પણની ચાવી

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- સાધનાના આરંભમાં..... 'સ્વ-પ્રયત્ન' અનિવાર્ય છે..... પૃ.૩૭
- અલબત, સમર્પણ તો જોઈએ જ, પરંતુ સમર્પણ કઈ એક દિવસમાં સિદ્ધ થઈ જાય એવી વસ્તુ નથી. પૃ.૩૭
- મનના પોતાના વિચારો હોય છે અને મન તેમને વળગી રહે છે..... પૃ.૩૭
- માનવનો પ્રાણ સમર્પણનો વિરોધ કરે છે..... તે તો શંકાસ્પદ સમર્પણ હોય છે..... તેમાં પ્રાણની પોતાની માંગણીઓ સારી પેઠે ભળી ગયેલી હોય છે. પૃ.૩૭
- સ્થૂળ દેહની ચેતના તો પથ્થર જેવી જડ હોઈ એ જેને સમર્પણ કહે છે તે ઘણીવાર તો જડતાની મંદતા સિવાય બીજું કાંઈ જ હોતું નથી. પૃ.૩૭-૩૮
- ચૈત્ય - પુરુષ એ જ એક એવી સત્-તા છે જે સમર્પણ કેમ કરવું તે બરાબર જાણે છે..... સાચું સમર્પણ તે સાધી શકે છે, કારણકે સાધકની પ્રકૃતિના બીજા ભાગોની મુશ્કેલીઓનો તે જલ્દીથી ઉકેલ લાવી શકે છે...... પૃ.૩૮
- પરંતુ એ બની આવે ત્યાં સુધી અંગત પ્રયત્ન વિના ચાલી શકે નહિ..... ત્યાં સુધી પણ સાધનાનો અંગત પ્રયત્ન, એટલે કે પુરુષાર્થ આવશ્યક રહે છે. પૃ.૩૮
- વળી, સાધકની અંદર ઉતરીને દિવ્ય શક્તિ સાધનાનો આરંભ કરે તો પણ..... મન, સંકલ્પશક્તિ, પ્રાણ અને દેહ..... ઉપર દિવ્ય શક્તિનો પ્રભાવ સંપૂર્ણપણે જામે નહિ ત્યાં સુધી પ્રયત્ન નહિ તો પણ અભીપ્સા અને જાગૃતિ આવશ્યક છે. પૃ.૩૮

સ્વ-પ્રયત્ન અને ચૈત્ય સમર્પણની શરૂઆતમાં આવતા અનેક તબ્બકાઓ છે તે વિષે શ્રી અરવિન્દ જણાવી રહ્યા છે.

સાધનાની શરૂઆત સ્વ-પ્રયત્નથી થાય છે. આ સાધકમાંનો અંગત પ્રયત્ન હોય છે. તે સમર્પણની વ્યાખ્યા ફક્ત માનસિક રીતે સમજે છે અને તે દ્વારા તે જીવનમાં લઈ આવવા પ્રયત્ન કરે છે.

મનના પોતાના વિચારો હોય છે. માનસિક ખ્યાલો હોય છે, કલ્પનાઓ હોય છે. આ બધી ક્રિયાઓને વળગીને મન સમર્પણ કરે છે. પ્રાણ તો વળી પોતાની આસક્તિઓ, ઇચ્છાઓ, કામનાઓ વગેરેથી ભળી ગયેલી ભાવનાઓથી સમર્પણ કરતો હોય છે. તો સ્થૂળ દેહ તો પોતાની મંદતા - અભાનતાને જ સમર્પણ માનીને આગળ ચાલતો હોય છે. આ સમર્પણ સાધકના કરણો (Instruments)નું હોય છે. તેમાં એક પ્રકારનું પાર્શ્વભૂમિમાંથી દબાણ હોય છે. અને તે અંગત પ્રયત્નને આભારી હોય છે. શ્રી અરવિન્દ આ પ્રકારના સમર્પણને સાધનાના પુરુષાર્થ તરીકે વર્ણવે છે. આમાં કરણોનું પોતાનું આગવી રીતનું સમર્પણ હોય છે. તેમાં દિવ્યતા હોતી નથી. અને હોય છે તો પણ તેનો પ્રભાવ પણ નહીવત હોઈ છે, કારણ કે ચૈત્ય - પુરુષ હજી અગ્રભાગે આવેલ હોતો નથી.

ચૈત્યપુરુષ જ એક એવી સત્-તા છે જે સમર્પણ કેમ કરવું તે બરાબર જાણે છે, કારણ કે તે પરમ-પ્રભુ સાથે સીધો સંપર્કમાં હોય છે. તેને સમર્પિત હોય છે. ચૈત્ય પુરુષનું પોતાનું સમર્પણ નૈસર્ગિક અને માંગણીઓ વગરનું હોય છે. અને તેથી જ શ્રી અરવિન્દ કહે છે કે ચૈત્યપુરુષને અગ્રભાગે લાવવો. ચૈત્યપુરુષ ફક્ત જોતો હોતો નથી પરંતુ તે સક્રિય પણ હોય છે. કરણોની નબળાઈઓ, મુશ્કેલીઓ, તકલીફો વિગેરેને તે બરાબર જાણતો હોય છે અને તેથી જ તે સમગ્રતાને ધ્યાનમાં લઈને દરેક પ્રકારના સમર્પણને વિકસાવીને પૂર્ણ બનાવતો જાય છે. સાધક અનુભવે છે કે ચૈત્યપુરુષ દ્વારા કરવામાં આવતું સમર્પણ સર્વાંગી અને સંપૂર્ણ હોય છે અને તે પણ સાધનાને પોષક અને પ્રગતિકારક હોય છે.

ચૈત્યપુરુષને સીધે-સીધું જ્ઞાન હોય છે. તેને સાધકના આધ્યાત્મિક જીવનના વિકાસની કેડી અને માર્ગ આત્મસાત હોય છે. તેનું કાર્ય પ્રભુના દિવ્ય પ્રકાશ અને શક્તિઓથી દોરવાતું હોઈ શકે છે.

ચૈત્ય પુરુષના સમર્પણથી દિવ્ય શક્તિઓ નીચે રેલાઈને સાધકમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કાર્યરત થાય છે. સાધકને પોતાની પ્રકૃતિમાં ફેરબદલ થતો અનુભવાય છે. ઘણીવાર સાધક અનુભવે છે કે કોઈ અજ્ઞાત શક્તિ સાધકને દોરી રહી છે. તો ક્યારેક સાધકને ફક્ત પરિણામ સ્વરૂપે પ્રગતિ થતી દેખાય છે. પરંતુ આંતર-પ્રક્રિયાઓથી તો તે અજાણ જ હોય છે. તેનામાં આથી શ્રદ્ધા જ્વલંત અને તેજોમય બનતી જાય છે. આ પ્રકારના સાધનાના ગાળાઓમાં સાધક વધુને વધુ દિવ્ય શક્તિઓને સમર્પિત થતો જાય છે અને તેથી જ તેના અંગત પ્રયત્નનું કાર્યક્ષેત્ર ઓછું ને ઓછું થતું અનુભવે છે.

ઘણીવાર સાધકમાં ચૈત્યપુરુષ પ્રથમથી જ જાગ્રત હોય છે અને તે કાર્યરત પણ હોય છે. દિવ્ય શક્તિઓનો પ્રવાહ નીચે સાધકમાં રેલાતો હોય છે. તો પણ સાધકનો અંગત પ્રયત્ન આવશ્યક છે. કારણ કે આ દિવ્ય શક્તિઓને સાધકના મન, પ્રાણ, દેહ અને સાધકની સંકલ્પશક્તિ પર પ્રભાવી થવા અમુક સમય જોઈએ છે. આ પ્રકારની પરિસ્થિતિમાં સાધકની અભીપ્સા અને જાગૃતિ આવશ્યક બની રહે છે. તેના વગર ચૈત્યપુરુષનો અને દિવ્ય શક્તિઓનો પ્રભાવ પરિણામકારી કે કારગત નીવડતો નથી.

શ્રી અરવિન્દ અહીં સાથે સાથે જણાવે છે કે 'માં' પુસ્તકમાં આ પ્રકારની અભીપ્સા અને જાગૃતિની વાત વિગતવાર તેમણે વર્ણવેલ છે. 'માં' પુસ્તકમાં શ્રી અરવિન્દ જણાવે છે કે :

The personal effort required is a triple labour of aspiration, rejection and surrender, - an aspiration vigilant, constant, unceasing - the mind's will, the heart's seeking, the assent of the vital being, the will to open and make plastic the physical consciousness and nature; ....

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## દેવોના સ્વરૂપો

(૨૬-૬-૨૬, ૧૩-૭-૨૬) (પૂ.૨૦૬-૨૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : તે કઈ છે?

શ્રી અરવિન્દ : આનંદમય ભૂમિકા સુધી માનવ જાય છે. તેથી ઉપર પુરુષોત્તમની ભૂમિકા છે.

શિષ્ય વૈષ્ણવોના કૃષ્ણ કઈ ભૂમિકા ઉપર છે ? તેઓ તેમને અક્ષરથી ઉપરની આનંદમય ભૂમિકામાં ગણાવે છે.

શ્રી અરવિન્દ : તે સાચું છે

શિષ્ય : દેવોને ચૈત્યપુરુષ દ્વારા પ્રાપ્ત કરી શકાય ? દેવો ચૈત્યપુરુષથી ઊર્ધ્વમાં છે?

શ્રી અરવિન્દ : હા, આ વસ્તુ સમજશો તો તમને દેવો સ્વરૂપ થવાની એક બીજી ચાવી મળશે.

શિષ્ય : તે કઈ?

શ્રી અરવિન્દ : અહંકારથી જ નહી પણ વ્યક્તિગત આત્માથી પણ પર જાઓ અને પ્રભુની શક્તિ સાથે એકરૂપતા સાધો. તો તમને દેવત્વ મળશે.

શિષ્ય : કેટલાક માને છે કે જીવ (ચૈત્યપુરુષ) એ વ્યક્તિનો સાચો આત્મા છે અને તે ભૂમિકા મેળવી લો તો દેવો મદદ કરવા માંડે છે.

શ્રી અરવિન્દ : ચૈત્યપુરુષ વ્યક્તિગત આત્મા (જીવાત્મા)નું આવિર્ભાવ કેન્દ્ર છે. પોતે આત્મા નથી જીવાત્મા પોતે દેવ સ્વરૂપ જ છે. કારણ તે પ્રભુનો અંશ છે. તમે તેને જે કક્ષાથી મેળવવા પ્રાપ્ત કરો તે

કક્ષાનો તે બને છે પ્રાણમય કામનાથી બોલાવો તો તે કામનામય પુરુષ બની પ્રગટ થશે.

શિષ્ય : ક્રિસ્તીઓમાં ત્રિપુટીની માન્યતા છે. દેવો સાત છે. દરેક જીવ તે સાતપૈકી એકનું વ્યક્તિ સ્વરૂપ છે પણ દેવો સાત જ શા માટે?

શ્રી અરવિન્દ : કારણ આપણા સાત યોગ ચક્રો દ્વારા સાત દેવોને જ પ્રત્યક્ષ જોઈ, અનુભવી શકીએ છીએ.

શિષ્ય : કહે છે કે કૃષ્ણનો પ્રકાશરંગ ભૂરો છે. તેમાં વિજળીનાં ચમકારા હોય છે.

શ્રી અરવિન્દ : તે આધ્યાત્મિક પ્રશાંતિની કક્ષાનો પ્રકાશરંગ છે. આનંદ પ્રગટ થવાની તે પ્રાથમિક અવસ્થા છે. શ્રી કૃષ્ણ આનંદમય પુરુષ છે.

શિષ્ય : હિન્દુઓ સાધારણ રીતે પૂજે છે તે કઈ કક્ષાના દેવો હોય છે?

બીજો શિષ્ય : પ્રાણમય કક્ષાનાં તે છે?

શ્રી અરવિન્દ : ના તે ઉચ્ચતર માનસિક (અધિમનસ) ભૂમિકાના છે તેથી વધારે વિશાળ ચેતના અને શક્તિ ધરાવે છે. યુરોપિયન માનસ ભૌતિકવાદમાંથી મુક્ત થાય છે ત્યારે તેઓ પ્રાણમય દેવોને જ મહાન દેવો ગણવા લાગે છે.

શિષ્ય : પદાર્થના ગુણધર્મો બદલાતા હોય છે?

શ્રી અરવિન્દ : શારીરિક કોષોના ગુણધર્મો જરૂર બદલાય છે. જે તેમને દુઃખદાયક લાગતું હોય તે જ તેમને હવે આનંદ આપે છે.

શિષ્ય : હું નિર્જીવ પદાર્થ તત્વની વાત કરું છું.

શ્રી અરવિન્દ : શા માટે નહીં, ત્યાં પણ બદલાઈ શકે છે. નિયમ શું છે. વૈશ્વિક શક્તિઓએ જાળવેલી સમતુલા જ નિયમ સ્વરૂપે આપણે જાણીએ છીએ. વૈશ્વિક-શક્તિઓ ધારે તો આ સમતુલા અન્ય રીતે પણ ગોઠવી શકે છે અને તેથી નવા ગુણધર્મો પ્રગટ થાય છે. દા.ત. પરમાણુમાંના ઈલેકટ્રોન્સ પ્રોટોન્સની સંખ્યામાં તફાવત પાડવાથી અન્ય ધાતુ, રસાયણ કે ક્ષાર બની જાય છે અને જુદા જ ગુણધર્મો દર્શાવે છે. (ક્રમશઃ)

## વેદવિજ્ઞાન
- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો

# મરુત્ગણ (વાયુ)

પ્રકરણ - ૧૮

વાયુ એ સક્રિયશક્તિ સ્વરૂપ છે. બધાં દેવોને સક્રિય થવા વાયુની મદદ લેવી પડે છે. તેથી તેને બધાં દેવોનો આત્મા કહ્યો છે. સર્વેષામ્ હૈષ દેવાનામાત્મા યદ્વાયુઃ (શત બ્રા. ૯-૧-૨-૩૮)

પ્રાણશક્તિમાંથી વાયુ નિર્માણ થાય છે. પ્રાણનો અર્થ પ્રકર્ષેણ નયતે. જે તીવ્રતાથી પ્રભુની શક્તિઓને લઈ જાય છે તે પ્રાણ છે. પ્રાણ એટલી તીવ્રતાથી વહે છે કે તે સ્થિર દેખાય છે. તે વખતે તેનું ભ્રમણ વહન નિશ્ચિત આકૃતિ મુજબ જ હોવાથી તે આકાર સ્થિર દેખાય છે. બધાં તત્વોની રચના પ્રાણ શક્તિથી થએલી છે. આકાશ તત્વમાં પ્રાણશક્તિ ખૂબ જ ધીમેથી વહે છે તેથી તે દેખાતી નથી અને આકાશનું અંતરિક્ષ રચાય છે. ધીમે ધીમે તે વેગ વધતો જતાં તેમાંથી ક્રમશઃ વાયુ અગ્નિ, આપ અને પૃથ્વી આ ભૂતો બન્યાં જેને તન્માત્રા કહે છે તન્માત્રા એટલે તેનો થોડોક અંશ સ્વરૂપ. આ અવસ્થા પ્રાથમિક જ છે. એમ તન્માત્રા શબ્દથી સૂચવેલ છે. તે પછી પ્રાણશક્તિનો વેગ વધે છે અને તેને કારણે તન્માત્રા તરીકે સૂક્ષ્મ રહેલા આ તત્વો વધુ ઘનીભૂત બને છે મહાભૂતનો અર્થ વધારે ઘનીભૂત (solidified)

સારાંશ પાંચ મહાભૂતોમાંનું બીજું તત્વ વાયુ છે. તેથી અન્ય મહાભૂતોની જેમ તે પણ પ્રાણમાંથી જ રચાએલ છે. પ્રાણાત્વાયુરજાયત (ઋ ૧૦-૯૦-૧૩)

શરીર મૃત્યુ પામે છે કારણ વિકાસ પામતી ચેતના સાથે તે તાલમેલ ગોઠવી

શકતું નથી. તે તાલમેલ જો ગોઠવવામાં આવે તો શરીરને મૃત્યુ નહિ આવે.

શરીર એ ખૂબ જ વેગથી શરીરના આકારમાં જ ભ્રમણ કરતી પ્રાણશક્તિ છે તેની જડતા, ફેરફાર ન કરવાની વૃત્તિ, એ પ્રાણની પ્રચંડગતિને કારણે, જે શરીરની ઘનીભૂતતા છે, તેને કારણે છે. જો તે ઘનીભૂતતા ઓછી થાય, શરીર, નમનીય બને, મૃદુતા આવે તો તેમાં ચેતનાના વિકાસ સાથે તાલમેલ ગોઠવવાની ક્ષમતા આવશે. પ્રાણશક્તિના પ્રચંડ વેગને ઓછો કરવાથી પોતાની મેળે શરીરની ઘનીભૂતતા ઓછી થશે પણ તે મંદતા વાયુની કક્ષાથી આગળ વધારે વધવી ન જોઈએ. આકાશ સુધી ન પહોંચી જોઈએ. નહિ તો શરીર આકાશની જેમ દેખાશે જ નહિ. જરૂરી કરતા વધુ મૃદુતા નિર્માણ થએલી વસ્તુને અદૃશ્ય બનાવી દેશે તેનો અર્થ કે વાયુની કક્ષાએ મૃદુતાની મર્યાદા આવી ચૂકી હશે. તેથી એમ કહેવાય છે કે વાયુ અમરતા આપે છે. (હે) વાત, તે ગૃહે અમૃતસ્થ નિધિર્હિતઃ..... (ઋ ૧૦-૧૮૬-૩) હે વાયુ તારા ઘરે જ અમરતાનું ધન છૂપાએલું છે.

જ્યારે કોઈ પણ સંવેદન અનુભવાય નહિ ત્યારે શૂન્યતાનો ભાસ થાય છે. તેને જ આપણે અંતરિક્ષ અથવા આકાશ કહીએ છીએ. પણ આકાશ પછીનું તત્વ વાયુના અનુભવમાં એક સંવેદન અનુભવાય છે. તે છે સ્પર્શ. તેથી વાયુ તત્વ આકાશના સર્વે સંવેદનના અભાવની દિશાથી જાણે આડો ફંટાયો છે એમ વેદો જણાવે છે..... અયં વાયુ રસ્મિ-ન્નંતરીક્ષે તિર્યડ પવતે (જૈમિ બ્રા.૩-૩-૧૦)

આકાશનું લક્ષણ પોતાનો વહેવાનો વેગ વધી જાત છે ત્યારે તેને મરુત કહે છે મરુત કુલ ૪૯ છે તેથી વેદોમાં મરુત્ગણ એવા ઉલ્લેખો વધારે આવે છે. તે ઉત્સાહ આપનારા છે અને ઈન્દ્ર સાથે વધુ જોવા મળે છે. તેમના પ્રચંડ વેગને કારણે તેમને ' રુદ્રાઃ, રુદ્રિયાઃ' કહેવામાં આવે છે. તે દેવસેનાની અગ્રહરોળમાં સ્થાન પામ્યાં છે. મરુતોનું એક વિશેષણ માધવ છે. સાધકના શરીરમાં તીવ્ર વહેતો આનંદ આપનાર.

મરુત્ગણ પોતે રુદ્રો નથી પણ રુદ્રના પુત્રો છે એમ વેદો જણાવે છે આ તે પિતર્મરુતામ્..... (ઋ ૨-૩૩-૧) રુદ્રોની સંખ્યા ૧૧ અથવા તેત્રીસ દર્શાવેલ છે

એકાદશરુદ્રા..... (તૈતિ સં.૩-૪-૯-૭) તેમજ ત્રિંશત્રયશ્વ ગણિનો..... (તૈતિ સં.૧-૪-૧૧-૧) બન્ને તૈતિરિય સંહિતાના ઉલ્લેખો જ છે. કદાચ રુદ્રો અગ્યાર જ છે પણ તેઓ વાયુ, અગ્નિ અને જળ આ ત્રણ તત્વોને માધ્યમ તરીકે વધુ વાપરે છે આમ ૧૧ x ૩ = ૩૩ નો મેળ કદાચ થઈ શકે. વાયુને રુદ્ર કહ્યાં છે તે ઉપર જોઈ ગયાં તેમજ અગ્નિને પણ કહ્યાં છે યો વૈ રુદ્રઃ સોડગ્નિઃ (શત. બ્રા.૫-૨-૪-૧૩) તે જ પ્રમાણે જળપ્રલય, પૂરને પણ રુદ્ર ગણ્યાં છે. મૂળ તો પ્રાણતત્વ રૌદ્ર રૂપ ધારણ કરે તેથી વાયુ, અગ્નિ, જળ પણ રૌદ્રરૂપ ધારણ કરે છે.

મરુતોની માતા પૃશ્નિ (પ્રભુનો સંકલ્પ) વિવિધ પ્રકાશરંગના છે, વિવિધ તત્વો તરીકે પ્રગટ થાય છે. તેમાંનું એક તત્વ વાયુ (હરિત) છે. પૃશ્નિરેકો હરિત એક એષામ્ ( ૭-૧૦-૩-૬) તે યુવાન પૃશ્નિમાંથી જ સોમ રસ ઝરે છે. તા અસ્યપૃશ્નાયુવઃ સોમં શ્રીણન્તિ પૃશ્નયઃ (ઋ ૧-૮૪-૧૧) તે સોમ રસને, માનસિક આનંદને મરુતો બધે લઈ જઈને પહોંચાડે છે.

પૃશ્નિમાં પૃષ ધાતુ છે જેનો અર્થ બાળીને ભસ્મ કરવું અથવા પોષણ આપવું એવો થાય છે. પ્રભુનો સંકલ્પ જ વ્યક્ત થવા આ બે કાર્યો મરુતો દ્વારા કરાવે છે. એક, અવરોધોને બાળી નાખવા, બે, પ્રભુ સંકલ્પને અભિવ્યક્ત થવા પોષણ આપવું.

વેદોમાં 'શુનાસીર' શબ્દ આવે છે તે બે શબ્દોનો બનેલો છે શુનાનો અર્થ વાયુ અને સીરનો અર્થ સૂર્ય લેવામાં આવે છે શૂનાસીરૌ વાયુસૂર્યો વદંતિ (બૃહ ૫.૮) યાસ્ક તે શબ્દનો અર્થ ઈન્દ્ર લે છે જ્યારે શાકપૂર્ણિ તેમનો અર્થ સૂર્ય અને ઇન્દ્ર લે છે. શુનાસીરં યાસ્ક ઈન્દ્રં તુ મેને, સૂર્યેન્દ્રૌ તૌ મન્યતે શાકપૂણિઃ (બૃહ.૫.૮)

બન્ને સમૂહમાં જ ફરે છે. ગણશો હિ મરુતઃ (તા.મ.બ્રા. ૧૯-૧૪-૨) તેમની સંખ્યા ૪૯ ગણે છે ત્રિવૈ સપ્તસપ્ત મરુતઃ (૭ x ૭ = ૪૯) તેઓ રુદ્રના પુત્રો છે. મરુતાં પિતા પશૂનામધિપતિ (અથર્વ ૫-૨૪-૧૪) પશુપતિ એટલે રુદ્ર. તેઓ ઇન્દ્રના સાથી છે.

વાયુને અંતરિક્ષની દેવતા ગણેલ છે વાયુરંતરિક્ષસ્યાધ્યક્ષઃ (તૈતિ. બ્રા.૩-

૨૧-૩-૪) વાયુ દેવોનો આત્મા છે (પ્રાણવાયુ તરીકે) દેવાનામાત્માયદ્વાયુઃ (શત. બ્રા.૯-૧-૨-૩૮) પ્રાણમાંથી વાયુનો જન્મ ગણાવેલ છે કારણ સક્રિય પ્રાણ એટલે જ વાયુને ગૌશાળાની બહાર ફરતા પશુઓને ગૌશાળામાં લાવવાની વિનંતી કરી છે અને સવિતા તેને ત્યાં બાંધે છે ઈહયંતુ પશવો..... ગોષ્ઠે સવિતા નિયચ્છતુ (અથર્વ ૨-૨૬-૧) જ્યાં ત્યાં ભટકતા ચિત્તરૂપી પશુને સંકલ્પ બળરૂપી વાયુથી ફરી ચિત્તમાં એકાગ્ર કરવા લેવાય છે અને સવિતાની સર્જનશક્તિ સાવિત્રી તેને સાધનામાં લગાડી બાંધી રાખે છે અથર્વવેદમાં વાયુને સદ્ભાવના, સદ્વિચાર રૂપી અન્ન આપનાર (ઈષ) આધ્યાત્મિક મનોકામના પૂર્ણ કરનાર (કામદુહામ) સંકલ્પબળ વધારનાર (ઉર્જ) દિવ્ય-કોષોને પોષણ આપનાર (પ્રથમ પ્રજાં પોષં) કહ્યાં છે. સા મે વાયુના વત્સેનેષમૂર્જ કામ દૂહામ્ I આયુઃ પ્રથમં પ્રજાં પોષં રયિ સ્વાહા..... (અથર્વ ૪-૩૯-૪)

વાયુ શરીરમાં સંચરે તેને 'વાત' કહે છે વાતઃ વાયુ દેહ મધ્યે સંચરન્ (અથર્વ સા.ભા.૬-૬-૨-૧) દિશાઓને 'વાતપત્ની' કહે છે કારણ વાયુ બધે પ્રવેશે છે પ્રદિશશ્ચતસ્રો વાતપત્નીરભિ..... (અથર્વ ૨-૧૦-૪)

પ્રકાશમયવાયુ ને જ વિદ્યુત કહે છે. તેના ત્રણ રૂપો છે (૧) ગરજવાવાળુ (અહંકાર વધારવા વાળું) સ્તનયિન્તુ (૨) ભસ્મકરનારું (તપકરનારું) અશ્મા (૩) તીવ્ર ઝબકારો આપનારું વિદ્યોતમાન. (ચિંતનાત્મક) અથર્વવેદના ૧-૧૩-૧ મંત્રમાં આનો અસ્ત્વશ્મને યેના દૂડાશે અસ્યસિ (અથર્વ ૧-૧૩-૧) વિદ્યુતમાં અગ્નિ હોય છે વિદ્યુતમનુસંચરંતિ..... અગ્નિ ભ્યો..... (અથર્વ ૧-૧૩-૧)

પ્રાણ આ વાયુનું જ સ્વરૂપ છે. પ્રાણથી જ જગત સંચાલિત થાય છે. તેના વશમાં બધું છે. યસ્ય સર્વમિદં વશે. (અથર્વ ૧૬-૬-૧) તેમજ વૈશ્વિક પ્રાણમાં જ સમગ્ર જગત આવેલું છે યસ્મિન્સર્વ પ્રતિષ્ઠિતમ્ (અથર્વ ૧૬-૬-૧) જે શ્વાસ લે છે તે અને નથી લેતા તેવી જડ વસ્તુઓ બધું જ પ્રાણ ઉપર આધારિત છે યચ્ચ પ્રાણતિ યચ્ચન (અથર્વ ૧૧-૬-૧૦)

# વિરાટમાં જાગરણ

પ્રકરણ - ૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

It was in the middle of a movement of consciousness in which I was spreading myself out over the world spreading PHYSICALLY... It is a sensation of the CELLS. I had an increasingly intense and rapid movement of diffusion. - 1962-91

માનવશરીરમાંના કોષો વ્યક્તિગત અનંત સ્વતંત્ર કોષો નહિ પણ સમગ્ર શરીરનાં સામુહિક કોષો (દા.ત. મનોમયકોષ, પ્રાણમય કોષ વગેરે) એકથી એક વધારે વિસ્તૃત છે. તે નીચેના બધા જ કોષોને આવરી લઈને તેમની બહાર પોતાનો વિસ્તાર કરતાં હોય છે. સાધકના વ્યક્તિગત સ્વરૂપમાં પૂર્ણ વિસ્તરણ થયા બાદ સાધક પોતે વિશ્વની વૈશ્વિક ચેતનાનો જ એક અંશ હોવાથી તેનો ચેતોવિસ્તાર વ્યક્તિગત વિસ્તરણ બાદ વૈશ્વિક-વિસ્તરણના ક્ષેત્રમાં પ્રવેશે છે. આ તબક્કાના વિસ્તરણનો માતાજીને અનુભવ આવી રહ્યો છે. આ વૈશ્વિક-વિસ્તરણ પણ વ્યક્તિગત વિસ્તરણની જેમ એકથી એક ઊર્ધ્વ-કોષમાં જાગૃત થવા સ્વરૂપનું જ હોય છે.

અહિં માતાજીને વૈશ્વિક અન્નમયકોષનો સાક્ષાત્કાર થઈ રહ્યો છે. માતાજી વૈશ્વિક-અન્નમય કોષમાં સભાન બની રહ્યાં છે. તેથી તેમને ચાર પ્રકારના સંવેદનો જાગે છે.

(૧) પોતે જગત આખામાં વિસ્તાર પામી રહ્યા છે એવા સંવેદનો કારણ તેઓ વૈશ્વિક સામુહિક -કોષમાં સભાન બની રહ્યાં છે.

(૨) પોતે શારીરિક રીતે વિસ્તાર પામી રહ્યાં છે એવા સંવેદનો કારણ તેઓ 'શારીરિક' સ્વરૂપનાં વિશ્વ-કોષમાં જાગૃત થઈ રહ્યાં છે.

(૩) આ સંવેદનો તેમના શારીરિક કોષો પોતે અનુભવે છે એમ તેમને લાગે છે કારણ શારીરિક કોષો પોતે વૈશ્વિક-અન્નમયકોષનાં જ અંશ અને ભાગ સ્વરૂપ છે તેથી આ સંવેદનો શારીરિક કોષો અનુભવે છે એમ માતાજીને લાગે છે.

(૪) માતાજીને પોતાની ચેતનામાં અસ્પષ્ટતા - 'diffusion' જણાય છે. કારણ જ્યારે સાધક નવો નવો જ કોઈ કોષમાં સભાન બને છે ત્યારે તે જે તે કોષ બાબત સર્વસાધારણતઃ 'In general' સભાન બને છે. હજી તે કોષના સર્વાંગીણ રૂપ બાબત તે સભાન હોતો નથી તેમજ તે કોષને સંચાલિત કરવાની ક્ષમતા અથવા આવડત પણ તેમાં હોતી નથી. નવજાત બાળક જેમ શારીરિક-હલનચલનમાં પોતે જેમ અનાવડત દર્શાવે છે તેમ સાધકને પણ પોતાની ચેતનામાં એક પ્રકારની અશક્તિ, અનાવડત અને અસ્પષ્ટતા જણાય છે. અર્થાત આ સ્થિતિ પ્રારંભિક અને પસાર થઈ જનારી અવસ્થા છે. ધીમે ધીમે ચેતના વધારે સ્પષ્ટ બને છે અને આત્મવિશ્વાસથી કોષોનું સંચાલન કરતાં શીખે છે. જેમ વ્યક્તિગત ચેતનાનાં પ્રાજ્ઞ, તેજસ અને વૈશ્વાનર આ ત્રણ (ચૈતસિક, મનોમય અને શરીર) અવસ્થા છે તેમ વિશ્વપુરુષની પણ ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાટ એવી ત્રણ (વૈશ્વિક ચૈતસિક ચેતના, વૈશ્વિકમન અને વૈશ્વિક શરીરની ત્રણ) અવસ્થાઓ છે.
સાધકની ચેતના આ વૈશ્વિકકોષો ઉપર પણ નિયંત્રણ સ્થાપે છે અને પોતાની વૈશ્વિકતાનો અનુભવ કરે છે. વૈશ્વિક શારીરિક ચેતનાને જ 'વિરાટ' કહે છે.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## રૂપાંતર

પ્રકરણ - ૧૧ (પૃ. ૩૭-૪૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧૧ **પ્રકૃતિ શુદ્ધ થાય ત્યારે તે રૂપાંતરની નિશાની ગણી શકાય ?**

રૂપાંતરની સાચી શરૂઆત પહેલા પ્રકૃતિનું શુદ્ધિકરણ થાય છે. શુદ્ધિકરણ દ્વારા પ્રકૃતિની અશુદ્ધિઓ દૂર કરીને તેને દિવ્યપ્રકાશ ધારણ કરાવી નમનીય કરવામાં આવે છે. પછી આ નમનીય શુદ્ધ પ્રકૃતિને દિવ્યઘાટો અપાય છે. આને જ રૂપાંતર કહેવામાં આવે છે. આ દિવ્યઘાટો દ્વારા દિવ્યચેતના પ્રગટ થવા લાગે છે.

૧૨ **શુદ્ધિકરણનો સાચો અર્થ શું ?**

અહંકારજનિત અજ્ઞાન અને તેના કાર્યોમાંથી મન, પ્રાણ, શરીરની મુક્તિ એ જ પ્રકૃતિનું શુદ્ધિકરણ છે. મનના અજ્ઞાનમય ખ્યાલો આ મનમાંનું અજ્ઞાન છે. પ્રાણમાંની કામનાઓ, નબળાઈઓ એ પ્રાણમાંનું અજ્ઞાન છે. શરીરની ટેવો અને અક્ષમતા એ શરીરનું અજ્ઞાન છે, આ ત્રિવિધ અજ્ઞાનોનો નાશ એ જ શદ્ધિકરણ છે.

૧૩ **સંપૂર્ણ શુદ્ધિ થયા વિના સત્યનો આંશિક સાક્ષાત્કાર થવો શક્ય છે ?**

હા, શુદ્ધિકરણનાં પ્રમાણમાં તે આંશિક સાક્ષાત્કાર હોય છે.

૧૪ **આંશિક સાક્ષાત્કાર કેવી રીતે શક્ય બને છે ?**

પ્રભુ તરફ આંશિક ખુલ્લાપણું આવવાથી સાક્ષાત્કાર પણ આંશિક જ આવે છે.

૧૫ **શું પ્રભુ તરફનું ખુલ્લાપણું અને રૂપાંતરની કક્ષા અને પ્રમાણ અનુસાર**

**દિવ્યકૃપા અને સત્ય ઝીલવાની ક્ષમતા આવે છે ?**

પ્રગતિના પ્રમાણમાં સત્યનું અવતરણ થાય છે અને રૂપાંતરના પ્રમાણમાં પ્રભુનો પ્રભાવ સાધક અનુભવે છે.

૧૬ **શું નિમ્નપ્રકૃતિનો સંપૂર્ણત્યાગ રૂપાંતરને સિદ્ધ કરે છે ?**

નિમ્નપ્રકૃતિમાં જ અહંકાર, કામનાઓ અને શારીરિક ટેવો ને નબળાઈઓનો સમાવેશ થતો હોવાથી તેનો ત્યાગ એટલે ઉપરોક્ત વસ્તુઓમાંથી સંપૂર્ણ મુક્તિ. તેથી અનિવાર્યપણે રૂપાંતરની પ્રક્રિયા શરૂ થઈને પૂર્ણતાએ પહોંચે છે. તેથી અચૂક પૂર્ણ રૂપાંતર સિદ્ધ થાય જ છે.

૧૭ **પોતાની પ્રકૃતિમાં છુપાઈ બેસેલી નબળાઈઓ સાધક કઈ રીતે શોધી કાઢે અને તેમને પ્રભુને સમર્પિત કરી દિવ્ય રૂપાંતર સાધી શકે ?**

સાધકે જગદંબાના પ્રકાશને પોતાની પ્રકૃતિમાં ધારણ કરીને તટસ્થ નિરીક્ષણ કરતા રહેવાથી છૂપાએલી નબળાઈઓ પણ પ્રગટ થાય છે અને નબળી પણ પડે છે પછી તમે દિવ્ય-અભીપ્સાની મદદથી તે ક્ષતિઓ બહાર ફેંકી દઈ શકો છો તે પછી દિવ્યશક્તિ પોતાની મેળે આગળનું કાર્ય ઉપાડી લે છે. આ જ સરળ અને સાચો રસ્તો છે.

૧૮ **શું વિવેકબુદ્ધિથી પોતાની નિમ્નપ્રકૃત્તિને જગન્માતાને અર્પણ કરવાથી રૂપાંતર સિદ્ધ થઈ શકે ?**

ના, એ તો રૂપાંતરના શરૂઆતની એક પ્રક્રિયા માત્ર છે. બીજું પણ ઘણું કરવાનું બાકી રહે છે.

૧૯ **સાધકની નબળી વિવેકશક્તિને કારણે જો તે પોતે જગન્માતાને પૂર્ણ સમર્પિત ન થઈ શકતો હોય તો દિવ્યશક્તિઓને રૂપાંતર કરવું ઘણું અઘરું થઈ જાય છે. શું એ સાચી વાત છે ?**

જો સાધકના સાચા વલણ સાથે તેની વિવેકશક્તિ સાચી હોય, સાચી દિશામાં કાર્ય કરતી હોય, સતત કાર્ય કરતી હોય તો તે પોતાની મેળે વધારે પૂર્ણતાના પ્રમાણમાં દિવ્યશક્તિઓ રૂપાંતર આગળ વધારશે.

દિવ્યશક્તિઓ માટે કોઈપણ કાર્ય અઘરું નથી, પણ સાધકની અપૂર્ણતાને કારણે જ તેમને તે કાર્ય ધીમેધીમે સાધકને નુકસાન ન થાય એ રીતે આગળ વધારવું પડે છે. તેથી તે કામ લાંબાગાળે પૂર્ણ થતું લાગે છે.

**૨૦ સાધકના અંગત પ્રયત્ન વગર તેની પ્રકૃતિ જગન્માતા તરફ વળેલી રહે અને તેમની કૃપાથી રૂપાંતર પણ થાય, શું એ શક્ય છે ?**

સાધકનો અંગત પ્રયત્ન જ આ જન્મના આળસ કે તમોગ્રસ્તતાને કારણે મુદ્દલે ન હોય, પણ ભૂતકાળના જન્મના અંગત પ્રયત્નોથી તેની પ્રકૃતિ જગન્માતા તરફ વળેલી હોય તો તેની ગ્રહણક્ષમતાનુસાર તેમાં રૂપાંતરની પ્રક્રિયા ધીમી ગતિએ આગળ વધે છે પણ અમુક કક્ષા સુધી જ. તે પછી ફરી અંગત પ્રયત્નોની જરૂર પડે જ છે. જગન્માતાની કૃપા સાધકની ચેતનાના વિકાસના તબક્કાની અવસ્થાના પ્રમાણમાં જ કાર્ય કરે છે.

**૨૧ આંશિક રૂપાંતર સાધ્ય કરેલ સાધક ઊર્ધ્વતમ સત્યને પ્રાપ્ત કરી શકે ?**

આંશિક રૂપાંતર પોતાની મેળે વિકસીને પૂર્ણતા પ્રાપ્ત કરતું જાય તો તે વસ્તુ શક્ય બને.

**૨૨ આધ્યાત્મિક અનુભૂતિઓ વિના રૂપાંતરનું કાર્ય સિદ્ધ થઈ શકતું નથી એ માન્યતામાં તથ્ય કેટલું છે ?**

સાધક કદાચ રૂપાંતરના પ્રાથમિક તબક્કાઓ સુધી પોતાનો વિકાસ કરી શકે. આધ્યાત્મિક અનુભૂતિઓ તેને માર્ગદર્શન આપતી હોય છે. ધ્યાન બહાર રહી ગએલું કાર્ય દર્શાવતી હોય છે. આના અભાવે સાધકની પ્રગતિ કુંઠિત થઈ જાય છે.

**૨૩ સત્ય દર્શાવતા સ્વપ્ન આવનાર સાધકે રૂપાંતર પૂર્ણ કર્યું છે એમ કહી શકાય ?**

ના, તેમાં સત્યદર્શનની ક્ષમતા વધી છે એટલું જ કહી શકાય. સ્વપ્નાઓ રૂપાંતરની પ્રક્રિયામાં માર્ગદર્શક થઈ શકે છે પણ પોતે રૂપાંતરની પ્રક્રિયા પૂર્ણ કરી શકતા નથી કે નથી તેને વધારી શકતા.

# જ્ઞાનનો વિસ્તાર (૭૦-૭૧)

પ્રકરણ - ૪૬
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૪૦-૧૫૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**વ્યવહારું જ્ઞાન એ એક જુદી વસ્તુ છે. એ સાચું છે અને કામમાં આવે તેવું છે. પણ તે કદી સંપૂર્ણ હોતું નથી. એટલે એ જ્ઞાનને વ્યવસ્થિત કરવાની, તેનું શાસ્ત્ર રચવાની જરૂર તો રહે છે. પણ તે ઘાતક બને છે** (૭૨)

**આપણે શાસ્ત્ર તો બનાવવું જ જોઈએ. પરંતુ આપણે આ શાસ્ત્ર બનાવીને તેમને વળગી રહીએ ત્યારે પણ આપણે આ સત્ય હંમેશા બરાબર દૃઢ રીતે પકડી રાખવું જોઈએ કે બધાં જ શાસ્ત્રો સ્વાભાવિક રીતે ક્ષણિક હોય છે અને અપૂર્ણ હોય છે.** (૭૩)

* * * *

માતાજી : પહેલા મને લાગતું હતું કે સમગ્ર જગતનું વૈજ્ઞાનિક જ્ઞાન સર્વાંગપૂર્ણ રીતે માનવ જાત પ્રાપ્ત કરશે તો તેને જગત પાછળનું સત્ય હસ્તગત થઈ જશે. પણ ૧૩-૪-૬૨ની અનુભૂતિ પછી મે તે વિચારને પડતો મૂક્યો છે. હવે મને લાગે છે કે વિજ્ઞાનને અંતિમ સત્ય સાથે જોડવું અને હાલના સ્થૂળ જગતમાં પૂર્ણ આધ્યાત્મિક જીવન જીવવું બન્ને અશક્ય લાગે છે. તે બન્નેમાં કોઈ ત્રીજું તત્ત્વ ખૂટી રહ્યું છે એમ મને લાગે છે. હવે લાગે છે કે આ વસ્તુ હું વહેલી કેમ ન સમજી શકી.

આ બન્ને વસ્તુ કોઈ ત્રીજી વસ્તુ સાથે જોડાશે ત્યારે જ સમગ્ર સત્ય પ્રગટ થશે. વિજ્ઞાન પૂર્ણ વિકાસ પામશે તો આપણને સત્યના ઉબરા સુધી જરૂર લઈ જશે. પણ તે એકલું જ રહેશે તો માનવજાત માટે ઘાતક પુરવાર થશે, એ રીતે ઘાતક કે તેઓ આંશિક સત્ય પૂર્ણ સત્ય સમજી પોતાની આગળની ખોજ પડતી મૂકશે.

આ જ વસ્તુ ફક્ત આધ્યાત્મિક લોકો માટે પણ છે જે ફક્ત આંતિરક અનુભૂતિઓ અને જગતમાં જ અટવાઈ જશે અને બાહ્ય જગતનું સત્ય નહિ મેળવી શકે.

સમગ્ર સત્ય જાણવા આંતરિક જગત અને બાહ્ય જગતને પણ પૂર્ણ રીતે જાણવું જરૂરી છે. તો જ સમગ્ર સત્ય પ્રગટ થશે.

શ્રી અરવિન્દ આ જ માર્ગે આગળ વધ્યા છે અને આપણે તે સમગ્ર સત્યને ભૌતિક સ્તરે પ્રગટ કરવા મથી રહ્યાં છીએ. તેની કલ્પના કરવી શક્ય નથી, કારણ તે જગતમાં પ્રથમ વખત જ આવિર્ભાવ પામવાનું છે.

આ જે અધ્યાત્મ અને જડવાદી ભૌતિક જીવનના વિચારો સામ સામે છે. તેમને જોડી દઈએ તો પણ સમગ્ર સત્ય નથી પ્રાપ્ત થતું. તેમાં ત્રીજી વસ્તુ ઉમેરવી પડે છે. તે વસ્તુ આ બન્નેનાં પરિણામ નથી પણ આ બન્ને તેના આવિર્ભાવ માત્ર હોવાની શક્યતા છે.

બાળક : માતાજી  પણ વ્યવહારુ રીતે તેમાં અમે સહભાગી કેવી રીતે થઈ શકીએ ?

માતાજી : પોતાના મૂળ સ્વરૂપનો સાક્ષાત્કાર કરો અને તેમાં સ્થિર થઈ જાઓ. ગમે તે માર્ગ અને ગમે તે સંબંધ બાંધી. તેનું મહત્વ તેમાં નથી. તે સત્યને જીવનમાં અહર્નિશ પ્રગટ કરો. જીવનને તેની અભિવ્યક્તિ બનાવો તે વસ્તુ જ પેલા પરમસત્ય પ્રત્યે, પરમજ્ઞાન પ્રત્યે લઈ જશે. અંગત સાક્ષાત્કાર અંતે પરમસાક્ષાત્કારમાં પરિણમવો જોઈએ.

એકલ દોકલ વ્યક્તિ જગતને નહિ બદલી શકે. પણ સમુહથી તે નવું સત્ય નવા જગત તરીકે જન્મ લેશે. તે જગત અંતિમ સત્ય નહિ હોય પણ આ હાલના જગત કરતા વધારે સાચું હશે. આ જગતને વધારે વિકસાવવા કાલક્રમે વધુ ને વધુ આત્માઓ જન્મ લેશે. આમ જ તે સત્ય પ્રગટ થશે. ફક્ત અવતાર સમર્થ હોવા છતાં આ કામ એકલા હાથે નહિ કરી શકે.

તે માટે અમુક સામાજિક સિદ્ધાંતો માન્ય થશે તે શાશ્વતીના અમુક પાસાઓની અભિવ્યક્તિરૂપ હશે. દરેક વ્યક્તિ એકાદું પાસુ ધારણ કરશે. આ બધી વ્યક્તિઓ તે સામુહિક સ્વરૂપનાં અંગભૂત હશે તો સામૂહિક સ્વરૂપની અભિવ્યક્તિ સ્વરૂપ હશે.

બાળક : માતાજી, ૧૩-૪-૬૨ની અનુભૂતિ પછી આપની સ્થૂળ જગત વિષેની દૃષ્ટિ બદલાઈ છે તે કઈ રીતે તે બાબત અમે સમજી શક્યાં નથી.

માતાજી : જગત ત્રિમિતિક છે. પણ યોગ ને લીધે ચોથું પરિમાણ ઉમેરાય છે અને પછી ઘણાં પરિમાણો ઉમેરાતા જાય છે. તેને કારણે મારી દૃષ્ટિ અને દર્શન બદલાયા. તેના આધારે મે સ્થૂળ જગત અને અધ્યાત્મના સંબંધોમાં ફેરફાર કરવા માંડ્યો.

પહેલા મને લાગેલું કે ત્રિમિતિક દર્શન એ ભ્રાંતિનું દર્શન છે. પણ હવે ચતુર્થ પરિમાણ પણ તેવું જ ભ્રાંત લાગવા માંડ્યું છે.

આ પરિમાણો મનની નીપજ છે. મનની પેલે પાર જતા જ તે બધાં પરિમાણો વ્યર્થ પૂરવાર થાય છે અને મૂળ સત્યના દર્શન થવા માંડે છે. પણ તે અનુભૂતિ વર્ણવતા શબ્દો હાલની માનવી ભાષામાં નથી પણ ભવિષ્યમાં જરૂર વિકસશે.

પણ તે અનુભૂતિ એક જ નહિ હોય. અનુભૂતિઓની હારમાળા હશે.

ગૂઢવિદ્યાથી હું ભૌતિક જગત ઉપર નિયંત્રણ સ્થાપી શકેલી પણ તે પેલા અંતિમ સત્યના દર્શન તો કરાવતી જ નહોતી.

આજે આ સ્થિતિમાં છું પણ ચિત્ર હજી સ્પષ્ટ થયું નથી.

---

(પૃ.૨૨ નું આગળ)

## ઉપનિષદો

આ જ્ઞાનમાં (તસ્યૈ) તપ, ઈન્દ્રિયનિગ્રહ, નિમિત્તભાવે કર્મ કરવા આ તેનો આધાર છે (તપો દમઃ કર્મેતિ પ્રતિષ્ઠા) વેદોની સમજણ મેળવવી એ તેના અંગો છે (વેદાઃ સર્વાંગાનિ) અને આંતરિક સત્ય અનુસાર જ જીવવું એ તેનું રહેઠાણ છે. (સત્યમાયતનમ્)

૯ યો વા ણ્તામેવં વેદાપહત્વ પાપ્માનમનંતે સ્વર્ગે
લોકે જ્યેયે પ્રતિતિષ્ટિતિ પ્રતિતિષ્ઠતિ ।।

જે આ જ્ઞાનને જાણે છે (યો વા એતામેવં વેદૌ) પાપોનો પોતામાંથી વિનાશ કરે છે (ઉપહત્વ પાપ્માનં) અને તે અસીમ દિવ્ય ચેતનારૂપ સ્વર્ગમાં જાય છે (અનંત સ્વર્ગે લોકે જયેયે) અને ત્યાં સ્થિર થાય છે ત્યાં સ્થિર થાય છે (પ્રતિતિષ્ઠતિ પ્રતિતિષ્ઠતિ)

## જાતક કથાઓ - માનસિંહ ચાવડા

# ''બોધપાઠ'

પ્રકરણ - ૧૯

ગંગાપુરનો રાજા ગુણોનો પારખુ. તેણે પોતાના બગીચાની દેખરેખ રાખવા એક માળીને રાખ્યો હતો. માળી ખંતથી કામ કરે. એક દિવસ તે બગીચામાં એક હરણ આવી ચડ્યું. તે માળીથી ડરી ડરીને ઘાસ ખાય, પણ બાગને કોઈ નુકસાન કરે નહિ. પછી તો તે માળીની પાસે પણ નિર્ભય બનીને આવતું.

રાજાએ પોતાની અટારીએથી આ હરણને જોયું. બીજે દિવસે રાજાએ મંત્રીને હેતુપૂર્વક પૂછ્યું :

''માળી, બગીચામાં કાંઈ નવા જૂની ?''

''મહારાજ, આપણા બગીચામાં એક હરણ રોજ ચરવા આવે છે. પણ તે બગીચાને જરાપણ નુકસાન કરતું નથી. તેથી હું તેને આવવા દઉં છું. હરણ ખૂબ જ સુંદર છે.''

''માળી, આપણે તેને રાજમહેલમાં રાખીએ તો ? શું તે પોતે સ્વેચ્છાએ આવશે ?

રાણીને હરણ બહુ ગમે છે.''

''મહારાજ, મને યુક્તિ ખબર છે. તે જરૂર સ્વેચ્છાએ આવશે..''

''પણ મહારાજ, તે માટે મને થોડુંક મધ મળે તેની વ્યવસ્થા કરી આપવા કોઈને કહેશો.''

''રાજાએ મંત્રીને બોલાવી વ્યવસ્થા કરવા કહ્યું. માળીએ મધ મળતાં જ તે મહેલની પાસેનાં ઘાસ ઉપર લગાડ્યું.''

થોડુંક તેવું મધ લગાડેલ ઘાંસ હાથમાં રાખ્યું. હરણ આવતા જ તે ઘાસમાંથી થોડુંક ખવરાવ્યું. હરણ તો મધુર ઘાંસની લાલચે માળી પાછળ ફરવા લાગ્યું. માળી તેને મહેલ પાસેના મધ લગાડેલા ઘાંસ પાસે લઈ આવ્યો અને ત્યાં તેને ભરપેટ ખાવા દીધું.

(અનુ.પૃ.૨૯ ઉપર)

## પ્રાસંગિક

# પ્રભુની પળ (૧૫ ઓગસ્ટ, ૧૯૫૪)

(૧૫ ઓગષ્ટ શ્રી અરવિન્દ જન્મદિન દર્શનદિન નિમિત્તે
મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર પરિવારના અભિવાદન)

## August 15, 1954
## THE HOUR OF GOD

There are moments when the Spirit moves among men and the breath of the Lord is abroad upon the waters of our being; there are others when it retires and men are left to act in the strength or the weakness of their own egoism. The first are periods when even a little effort produces great results and changes destiny; the second are spaces of time when much labour goes to the making of a little result. It is true that the latter may prepare the former, may be the little smoke of sacrifice going up to heaven which calls down the rain of God's bounty.

Unhappy is the man or the nation which, when the divine moment arrives, is found sleeping or unprepared to use it, because the lamp has not been kept trimmed for the welcome and the ears are sealed to the call. But thrice woe to them who are strong and ready, yet waste the force or misuse the moment; for them is the irreparable loss or a great destruction.

In the hour of God cleanse thy soul of all self-deceit and hypocrisy and vain self-flattering that thou mayst look straight into thy spirit and hear that which summons it. All insincerity of nature, once thy defence against the eye of the Master and the light of the ideal, becomes now a gap in thy armour and invites the blow. Even if thou conquer for the moment, it is the worse for thee, for the blow shall come afterwards and cast thee down in the midst of thy triumph. But being pure cast aside all fear; for the hour is often terrible, a fire and a whirlwind and a tempest, a treading of the

winepress of the wrath of God; but he who can stand up in it on the truth of his purpose is he who shall stand; even though he fall, he shall rise again; even though he seem to pass on the wings of the wind, he shall return. Nor let worldly prudence whisper too closely in thy ear; for it is the hour of the unexpected.

Sri Aurobindo

**November 24 , 1954**

Our mortal littleness is not all we are;
There is a grandeur and an infinite room:
Unmeasured heights and breadths of being are ours,
In fragments of whose mightiness we live;
Akin to the ineffable Secrecy,

## **પ્રભુની પળ** (૧૫ ઓગસ્ટ, ૧૯૫૪)

એવી ક્ષણો આવે છે કે જ્યારે આત્મા માણસોની મધ્યે ફરવા લાગે છે અને પ્રભુનો ઉછ્વાસ આપણાં અંતરના નીર ઉપર વિચરવા માંડે છે; અને એવી પણ ક્ષણો આવે છે કે જ્યારે એ પાછો ચાલ્યો જાય છે અને માણસોને ત્યારે કેવળ પોતાના અહંની શક્તિના કે પછી અશક્તિના જોરે કામ કરતા રહેવું પડે છે. આમાંથી પહેલા પ્રકારનો કાળ એવો છે કે એ વેળા તમે થોડોક સરખો પ્રયત્ન કરો તો પણ તેના મહાન પરિણામો આવે છે અને આખું યે ભાવિ પલટાઈ જાય છે. બીજા પ્રકારનો કાળ એવો છે કે તેમાં તમે ગમે તેવો ભારે પુરુષાર્થ કરો પણ તેમાંથી નાનું સરખું જ પરિણામ આવે છે. હા, એ સાચું છે કે આ બીજા પ્રકારની સ્થિતિ પહેલા પ્રકારની સ્થિતિના સર્જન માટેની તૈયારી રૂપ બની શકે છે, આકાશ પ્રત્યે ચડતી યજ્ઞની નાનકડી ધૂમ્રસેર પ્રભુની પરમ સમૃદ્ધિની વર્ષાને નોતરી લાવે છે.

આ દિવ્ય પળ આવીને ઊભી રહે તે વેળાએ જે માનવ કે જે રાષ્ટ્ર નિદ્રામાં જ પોઢી રહેલો હોય કે પછી એ પળનો લાભ લેવાને સજ્જ ન હોય એનું તો દુર્ભાગ્ય જ કહેવાય. એવા માનવે, એવા રાષ્ટ્રે પ્રભુના સ્વાગત માટે દીપકની વાટને સંકોરી રાખેલી નથી હોતી, પ્રભુના પુકારની સામે કાનને ભીડી રાખેલા હોય છે. પણ જેઓ બળવાન છે અને જાગતા તૈયાર બેઠેલા હોય છે, છતાં આ શક્તિ જ્યારે આવે ત્યારે તેને વણસી જવા દે છે કે પછી એ પળનો દુર્વ્યય કરે છે, તેમનું દુર્ભાગ્ય તો

બેહદ છે. એમને માટે તો પછી રહે છે કોઈ અસીમ હાનિ કે કોઈ મહા વિનાશ.


પ્રભુની આ મહા પળમાં તું આત્મછલ અને દંભ તારા આત્મામાંથી ખંખેરી નાખ, મિથ્યા આત્મપ્રશંસા મૂકી દે. એમ કરતાં તું તારા આત્મામાં સીધી નજર નાખી શકશે અને એ આત્માને જે પુકાર બોલાવી રહ્યો છે તેને સાંભળી શકશે. તારી પ્રકૃતિમાં અસત્યતા ભરી ભરીને રહેલી છે અને એક વાર તો એની ઢાલ કરીને તું તારી જાતને પ્રભુની દૃષ્ટિ આગળથી, આદર્શના પ્રકાશ પાસેથી બચાવી લેતો હતો. પણ હવે, પ્રભુની આ પળમાં, એ તારી અસત્યતા તારા બખતરમાં એક છિદ્ર બનીને રહેશે અને પ્રહારને નોતરી લેશે, અને તત્કાલ પૂરતો તેને વિજય પણ મળ્યો તો એ તો તારું એથી યે મોટું દુર્ભાગ્ય છે. કેમકે, પેલો પ્રહાર હવે ભવિષ્યમાં આવશે અને તું વિજયમાં મહાલતો હોઈશ તે જ ક્ષણે તારા ભૂક્કા કરી નાખશે. પણ તું પવિત્ર બની રહે અને ભયમાત્રને વિસર્જી દે. કેમકે પ્રભુની આ પળ તો ઘણી વાર ભીષણ હોય છે. એ તો એક અગ્નિ જેવી આવે છે, વંટોળ અને તૂફાન જેવી આવે છે, એ વેળાએ પ્રભુના રુદ્ર ચરણ દ્રાક્ષાસવના ભાંડને ગૂંદી રહ્યા હોય છે. પણ આ ભીષણ ક્ષણે જે વ્યક્તિ પોતાના ધ્યેયના સત્ય પર ખોડાઈને ઊભી શકે છે એ જ એ આંધીમાં આખર લગી ટકી રહેશે; એ પડશે તો પણ તે પાછો ઊભો થઈ જશે, વાયુની પાંખ એને લઈને વહી જતી દેખાશે તો પણ તે પાછો આવશે. અને એ પણ ધ્યાન રાખજે કે જગતનું ડહાપણ ધીમે ધીમે બોલતું તારા કાનને વધુ પડતા ભંભેરી ન મૂકે, કારણ આ પ્રભુની પળમાં તો બધું જ અણધાર્યું બનતું હોય છે.

– શ્રી અરવિન્દ

* * *

## ૨૪ નવેમ્બર, ૧૯૫૪

આપણે જે છીએ તે સૌ નથી માત્ર મૃત્યુએ બદ્ધ ક્ષુદ્રતા;
છે પ્રદેશો પ્રભાવંત, અવકાશો અનંત છે :
સત્તાના વણમાપેલા વિસ્તારો ને ઊંડાણો આપણાં જ છે,
જેના સામર્થ્યના અંશો વિશે જીવન ધરતા;
અનિર્વાચ્ય ગુહાકેરી સાથ નાતો ધરાવતા.



# શ્રી અરવિંદ

As so he grew into larger self,
Humanity framed his movements less and less,
A greater being saw a greater world.
A fearless will for knowledge dared to erase
The lines of safty reason draws that bar
Mind's soar, soul's dive into the Infinite.

Shri Auribindo (Savitri - B-1, C-3, P.-26)

## અપરા પ્રકૃતિમાંથી મુક્તિ

આમ તે પોતાના જ, વિશાળ આત્મામાં વિસ્તર્યો,
માનવીપ્રકૃતિ તણાં સહજ-કર્મો, તેના બધાં છૂટતાં ગયાં,
વિશાળ આત્માને ઝાંખી થઈ, અતિ વિશાળ જગત તણી,
જ્ઞાનતૃષા ભભૂકી ઊઠી, નિર્ભય બની, આગળ વધી,
ને વ્યવહારુ બુદ્ધિ તણાં, સુરક્ષિત સીમાડાં તોડતી ગઈ,
મન પણ ઉન્મન બન્યું, આત્મા અનંતતામાં ઓગળી ગયો.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# તૃષાર્ત - આત્મા

અધ્યાત્મવિદ્યા લુપ્ત થઈ, રહી કર્મકાંડની જંજાળ,
જન્મોજન્મની તૃષા છીપે નહિ, ટળવળે આત્મા અપાર.

જાણે તૃષાર્ત પંખી શોધતું, જળનું ટીપું એક,
ન તેના નસીબ જોગ, મળે ક્યાંથી શુદ્ધ યોગ.

પ્રભુકૃપા સળવળી ઊઠી, કર્યો કાંઈક વિચાર,
એ બે દિવ્યાત્માને મોકલે, ધરા પર કૃપા અપાર.

શ્રી અરવિન્દ પ્રગટ થયા, શોધ્યો સર્વ યોગોનો સાર,
ને મીરાંબા સાથે વિકસાવતા, યોગસાધનનો આધાર.

તૃષાર્ત આત્માનું મન ઠરે, બને જીવન ઉજ્જવળ,
ધન્ય ભૂમિ ભારત બને, અધ્યાત્મ નીર વહે નિર્મળ.

યોગધારા વહેતી થશે, સમગ્ર જગતમાં નિશદિન,
એ ઘટિકા આવી સમીપમાં, હૃદય મારું કહે નિતદિન.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક પુસ્તકો**

www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot
E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત